તિલક માલા નિર્ણય



ચંદુલાલ હરિવલ્લભદાસ શાહ
ગોકુલ

।। શ્રી ગોપિજન પતિ શ્રી ગોકુલપતિ શ્રી ।।

।। જયતિ સ શ્રી વલ્લભ વલ્લભો જયતિ ।।

।। ગ્રંથ તુલસીમાલા તિલક નિર્ણય ।।

શ્રી ગોકુલનાથજીનો ચિદ્રુપ અને જહાંગીર સાથે થયેલો વાદ વિવાદ

સંશોધક અને પ્રકાશક

શ્રી ગોકુલ નિવાસી

શાહ ચંદુલાલ હરિવલ્લભદાસ

ગોકુલેશ ભવન, રતન ચોક,

શ્રીમદ ગોકુલ, ડીસ્ટ્રીકટ મથુરા (યુ. પી.)

સંવત-૨૦૪૮

સંશોધક અને
પ્રકાશક
શાહ ચંદુલાલ હરિવલ્લભદાસ
ગોકુલેશ ભવન, રતન ચોક,
શ્રીમદગોકુલ, જી. મથુરા, (યુ.પી.)

સંવત ૨૦૪૮
પ્રત : ૧,૦૦૦
ન્યોછાવર
નિશુલ્ક
પ્રેસ : ગોપાલ પ્રિન્ટર્સ, અમદાવાદ-૨૨

નિવેદન

શ્રીમદ વલ્લભ સત્કુલ નિર્મલ કમલ પ્રકાશ માર્તન્ડ કૃત હરિરાયજી રત્નમાલાવલી-૧૦૮ નામે કરી કરેલ છે તેમાં

શ્લોક-૧૧ ગોકુલાનંદ કર્ત્તા ચ ગોકુલાધિશ ભૂષણુમ્
ગો વલ્લભો ગોકુલેશો પ્રિતિકારકઃ
૧૨ આચાર્ય કૃત સિદ્ધાન્ત ગ્રંથ વ્યાખ્યાનકારકઃ
પિતામહ દાસકતઃ પિતૃપાદાંમ્બુજ ભક્તિમાન્
૧૫ પાખંડિ દંડી સં પ્રોકતા પ્રચંડ અધર્મ ખંડનઃ
સ્વધર્મ સ્થાપકો અખંડ ધરા મંડલ મંડન્
૧૬ યતિ કોપિત પૃથ્વિ શાકારીત સ્તત્સમીપગઃ
ઉલંઘીત તદીયાઇ સત્ય સંઘો વૃજે સ્થિતઃ

શબ્દાર્થ–શ્રી ગોકુલને આનંદ કરનાર, શ્રી ગોકુલનું ભૂષણુ, ગો. વલ્લભ, શ્રી ગોકુલેશ, શ્રી ગોકુલમાં પ્રિતિ કરનાર, શ્રી મહાપ્રભુજીએ રચેલા ગંથોનું સિદ્ધાન્તથી ગૂઢ આશયની ટિકા કરી સ્પષ્ટ કરનાર, શ્રી ગુંસાઈજીના ચરણે આસક્ત, પિતાવચન પાલક, શ્રી કૃષ્ણુનું રૂપ ધારણુ કરનાર, અધર્મનો નાશ કરનાર, લોકમાં પ્રાગટય કરનાર, પાખંડી દંડધારી સંન્યાસી ચીદ્રુપે ફેલાએલો પ્રચંડ અધર્મ તેનું ખંડન કરનાર, સ્વધર્મનું સ્થાપન કરનાર, સત્ય ટેક પ્રતિજ્ઞા કરી ધર્મનું રક્ષણુ કરનાર, માલા તિલક સહીત ગોકુલસ્થનું

રક્ષણ કરનાર, સદાય ગોકુલ બીરાજવાવાલા શ્રી ગોકુલ પતિનો સદાય જય.

શ્લોક ૧-યતિ વશ ધરણિશે ધર્મ લોપ પ્રવૃર્તે હરિ ચરણ
સહાયેય:

કૃત- સ્વધર્મ જુગોપ ધર્મ રક્ષાવતાર સજગતિ
શ્રી વલ્લભો શ્રી ગોકુલેશ:
કૃત: કૃષ્ણરાય ભટ્ટ

ભાવાર્થ-જ્યારે પૃથ્વિપતિ જહાંગીર સંન્યાસીને વશ થયો. ધર્મનો લોપ થયો ત્યારે ધર્મનું રક્ષણ કરી સુદ્દઢ ટેક સહિત નિર્ભય કર્યો, ધર્મનું રક્ષણ કરવા, પ્રાદુભુત શ્રીકૃષ્ણ શ્રી ગોકુલેશજી.

ભૂમિકા

ગ્રંથ તિલક માલા નિર્ણય

"તિલક હરિ મંદીર લલાટે સુસોભિતમ્"

તિલક અને તુલસીમાલા, આ બન્ને એ જ વૈષ્ણવોનું ભૂષણ છે. તિલક એ એક ચિન્હ છે. વૈષ્ણવ ઓળખવા માટેની છાપ છે. દ્દષ્ટાંત જેમ કોઈ પણ પુસ્તક ઉપરના નામથી ઓળખવામાં આવે છે તેમ આ પુષ્ટિમાર્ગના વૈષ્ણવો ઓળખવાની છાપ છે. તિલક એ જ આપણું ભૂષણ છે. કેટલાક સુધરેલા વૈષ્ણવો, તિલકને દુષણ સમજી શરમાય છે, તે ખરેખર અજ્ઞાન છે. તુલસી માલા એ પતિવૃતા ધર્મનું ચિહ્ન છે. કાલિન્દ્રી સમાન કોઈ તિર્થ નથી, તુલસી સમાન બીજું કોઈ નથી, એ જ ભૂષણ છે. યમરાજના દૂત તુલસી માલાને કંઠમાં દેખીને, દૂરથી પવનની પેઠે ઉડી જાય છે, નાસી જાય છે, તુલસીમાલા શ્રી કંઠમાં ધારણ કરનાર રૂચી સહીત પતિવૃતા અનન્ય ધર્મ ટેક સહીત વાલા, તે શ્રીમદ વલ્લભાચાર્ય શુદ્ધ પુષ્ટિ માર્ગી, તેઓને ભર રૂચી કહેવામાં આવે છે. આ શુદ્ધ પુષ્ટિ માર્ગ, શ્રી આચાર્યજીનો તાપ પરિવસાઈ સ્નેહ માર્ગને કહેવામાં આવે છે, તે ભર રૂચી પતિવૃતા અનન્ય ધર્મે રહેવાવાલાના ગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજી જ છે. ભરૂચ ગામ ઉપરથી ભરરૂચી કહેવાતા નથી. પતિવૃતા ધર્મ અનન્ય વિના, બીજા બધા વ્યભિચારણી મનના

ધર્મ ચર્ચાણી માફક છે. શ્રી ગોકુલેશજીએ, આ પતિવૃતા તુલસી માલા માટે, પોતે સ્વેચ્છાએ, માલા તિલકનો ઉપદ્રવ ઉઠાવી, ધર્મનું રક્ષણુ કર્યું છે, તેનું પ્રમાણુ ભાગવતજીમાં છે.

વૃંદા એ પતિવૃતા સ્ત્રી હતી, તે પોતાના પતિના, ચર્ણારવીંદનું ચર્ણામૃત વિના જલ પાન કરતી ન હતી. તેના પતિનું રૂપધારણુ કરી, તેના ધર્મની કસોટી કરવા, શ્રી કૃષ્ણુ આવ્યા, તે તેઓને પતિ સમજી ચર્ણામૃત લીધું કે તરત જ કપટને સમજી ગઇ, તરત જ શ્રાપ આપે છે, તમારા નિષ્ઠુર કૃત્યના કારણે પત્થર થઇને ભૂતલમાં અવતરો ત્યારે શ્રી કૃષ્ણુ કહે છે, તારી બુદ્ધિ જડવત કેમ થઈ, તે પતિવૃતાના બળે ઓળખ્યા નહી માટે તું વૃક્ષ રૂપે ભૂતલમાં અવતરો.

આમ બન્નેને શ્રાપ મલ્યો, તે શ્રી કૃષ્ણુ પત્થર રૂપે શાલીગ્રામ થયા, અને વૃંદા એ તુલસી રૂપે થયાં. આમ, બન્ને પૂજાવા લાગ્યા, પરંતુ વૃન્દાની આરત પતિના મીલનનો ગયો નહી, જેથી કરી તેને માહાતમ ભાવથી, ઇશ્વર્યાદી ધર્મ અંગીકાર કર્યો, પરંતુ સંતોષ ન થતાં વિરહ ગ્નિએ તે સુકાવા લાગી. તે ઉપર કલ્યાણુ પૂજારી કવી શ્રી ગુંસાઈજીના સેવક હતા તેઓએ નીચે મુજબ વર્ણુન ધોળે કરી કરેલ છે, તે સંવત ૧૬૮૦

શિર ઉપર તુલસી માલા, વસીય આવી પ્રીતસુ ॥
એહોનો સ્નેહ જોઈ ને, ધરીય પ્રભુ રસ રીતસુ ॥ ૧

એહ એહનુ સાહસ મોટુ, દીઠુ તે વિનતી કરૂ ॥
સાંભલો ચિત ધરીયને, હું ચરણે તુમારે અનુસરૂ ॥ ૨

પ્રથમ એહનુ બીજ લેઈને, ભૂમિમાંહી નાખીયુ ॥
એહ દુઃખ અતિસે સહીને, ઉપર આવી ઓપીયુ ॥ ૩

તે ઉપર ધામ જલ અને સીત, એણી પેરે સહુ સહ્યું ॥
થઇ પલ્લવ પાંખડીતે, જોઇ મન એહવુ લહ્યું ॥ ૪

જે હજી લગી જોગ્યતા તો, થઇ નહીં પ્રીય સંગની ॥
તેહ તાપે કરી એણે, વિડંબના કરી અંગની ॥ ૫

પણુ એહ મનોરથ થકી, એહોને કૃતવાધિ અતિઘણી ॥
ઇશ્વિર્યાદી ધર્મે કરી તે શીશ ધરી, થઇ મહીમા તુલસી તણી ॥ ૬

એ જગતમાં પુજાઈ પણુ તાપ તો જાયે નાહી ॥
તો વૃથા જીવન છે એહ, જો પ્રભુનો સંગ થયો નહી ॥ ૭

અહીં લગી સર્વે સહ્યુ પણ, પ્રભુએ સુરતી કરી નાહી ॥
પછી તે વિરહ વ્યાપ્યો ઘણો હવે હું શું કરું અહીં ॥ ૮

પછે તે વિરહ વ્યાકુલ થઇ અને તે સુકાઈ ગઈ ॥
કાષ્ટવત થઇને રહી એ આપો પુ ભૂલી ગઇ ॥ ૯

એહ એહના કલેશથી તે પ્રભુએ મન વીચારીઉ ॥
કરૂંણા કરી અને એહનું તે, આગલ કારજ ભારીઉ ॥ ૧૦

જે હજી લગી જોગ્યતા એહને, થઈ નથી શું કીજીએ ॥
વૈષ્ણુવ દ્વારા પહેરાવીએ, એહોનું સર્વ માની લીજીએ ॥ ૧૧

પછે તેહ લેઇ અને એહોતું, તન તે સર્વે તાછીયુ ॥
ટુક ટુક કરીયને એહને, જુજુવા કરી નાખીયુ ॥ ૧૨
તેહાનો સંગ્રહ કરી અને, તે ઉપર સસ્ત્ર વેરાવીયુ ॥
એહ એણે સહ્યું ત્યારે, મણિકા નામ ધરાવીયુ ॥ ૧૩
એહથી જોગ્યતા આગલ થાસે, એહવું તે મન ભાવીયુ ॥
પણ હજુ મોટુ સાહસ કરવું, એહવુ તે મન આવીયુ ॥ ૧૪
જે સંજોગ પ્રભુજી શું કરૂં, એહવુ મન તેને ચાવસુ ॥
તેણે કારણે કાષ્ટવત થઇ, એહ તેને મન ભાવસુ ॥ ૧૫
એણે સીલા ઉપર ધરી બીજી સીલાએ રોલીયુ ॥
તેહ થકી વટલા થયા, અતિશય તે ઓપીયુ ॥ ૧૬
પછી તેને સુઇના અગ્રે કરી, તેહને તે વેધિયુ ॥
એહ ગુણે કરી તેને પરોયા માલા થઈ દયા કરી ॥ ૧૭
એહતું કૃત્ય જોઇને પ્રભુજીએ તે કરૂણા કરી ॥
ભક્ત દ્વારા લઇ પ્રીતસુ ગ્રીવા ઉપર પ્રેમે ધરી ॥ ૧૮
હવે તે માલા તુલસી તણી, ઉર ઉપર બીરાજે છે ॥
કલ્યાણ કે પ્રભુ શ્રી ગોકુલપતિ, નિત્ય ગોકુલ બીરાજે છે ॥ ૧૯

(સંપૂર્ણ)

કબિત કૃત વલ્લભદાસ કવિ સંવત ૧૬૮૭

યહ મારગ સરવોપર શ્રી વલ્લભ તુલસી માલાકો
જુગ જુગ રાજ ચલ્યો આયો, હરિ મંદીર તિલક સુભાલકો ૧
શ્રી માહપ્રભુ કંઠ મધ્ય રાખી, માલા નિજ અંગ કુ
કીનો દ્દઢ અંગિકાર, રાજ તહે શ્રી અંગ સંગ કુ ૨
હુકમ ભયો જહાંગીર કો, તુલસીમાલજુ ઉતારો
બહુ મોલ કંઠહાર મુકતા કયું ન ધારો ૩
માહાપ્રભુ અતુલ પ્રતાપ સહીત, કહ્યો મન ભાયો
મોતીન માણેક બહુ મોલકી માલા સો તુલસી સમ ન આયો ૪
તુલસીમાલ હે પરમધર્મ યાકે હે સબ પાછે
ભૂષણ એહ શિંગાર હીત કરો કોઉ જન આછે ૫
પૃથ્વિ પર માહાન ત્રાસ ભયો વૃજ મંડલ સબે ભારી
મહંત બડે બડે સ્વામીન મીલી સબન માલા ઉતારી ૬
ગોકુલનાથ માલા તિલકધર્મ જાત રાખ્યો અપન હાયનસુ
સનમુખ નૃપતિ બોલ નાહી શકયો રહ્યો ભેચક નિહારીજુ ૭
શ્રી ગોકુલનાથને હિંદુકી પત રાખી હે
વલ્લભદાસકે પ્રભુ ભકતનકી લાજ રાખી હે ૮

(સંપૂર્ણ)

શ્રી આચાર્યજી પ્રગટિત ધર્મ મારગ એ સંસાર અસીત છે. લોકની અને વેદની મર્યાદ રાખી ધર્મનો અને દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો છે. શ્રી આચાર્યજી પ્રગટિત ધર્મથી જગત કૃતાર્થ થાય છે. જ્યારે જ્યારે ધર્મની ક્ષીણુતા આવી, ત્યારે ત્યારે અવતારોએ પ્રાગટ ભૂતલ મધે લીધેલ છે. પરંતુ આ શ્રી ગોકુલેશજીનું પ્રાગટય, વેદનો અને મર્યાદનો ત્યાગ કરી, સુદ્દઢ ટેક સહીત ધર્મને રાખ્યો છે. દ્દષ્ટાંત- આ સંસાર સાગરમાં કૃપા રૂપી શ્રી આચાર્યજીની નાવમાં, એતન મારગી સર્વે સમાજ બેઠો છે, તેવામાં દુષ્ટ ચિદ્રુપ- રૂપી, અધર્મ ફેલાતો પ્રચંડ વ્યારનો ઉત્પાત થયો, તેને વશ જહાંગીર નૃપતિ હતો. આ દુષ્ટ વ્યારનું તોફાન આવ્યું, ત્યારે નાવ ડુબવા પરીયંત આડુલ માન થયુ, તેને કોઈ બચાવા શક્તિમાન ન થયા. તે કેવલ શ્રી વલ્લભે, સ્વરૂપ બળે કરી, તે નાવને અને તેમાં બેઠેલો એતન મારગી સમાજને બુડતો બચાવેલ છે. અને ટેક દ્દષ્ટતા સહીત, તિલકમાલાનું રક્ષણ કરી આચાર્ય પ્રગટિત મારગ, તાપ- પરિવસાઈ, સ્નેહમારગને, ટકાવી રાખી સુદ્દઢ કરી, નિર્ભય અચલ સ્થાપિત કર્યો છે. આ મુખ્ય કારણે શ્રી વલ્લભની અધિકતા જણાવેલ છે ઇતિ મે મતિ.

આ પુસ્તિકા પ્રગટ કરવામાં પ્રયત્નશીલ રહી જરૂરી સેવા આપવા માટે બાયડ નિવાસી શ્રી માધવલાલ અંબાલાલ શાહ અને બધું જ કામ જાતે સંભાળી તૈયાર કરનાર કલ્પના પ્રેસના માલીક શ્રી કૃષ્ણકાન્તભાઈ જે. પરીખનો હું

ઋણી છું. બંને ભગવદીઓને મારા ભગવત સ્મરણ.

જૈ જૈ શ્રી ગોકુલેશ

શાહ ચંદુલાલ હરિવલ્લભદાસ
ગોકુલ નિવાસી

: श्रीं हरि :

जयश्री गोकुलपति श्री गोकुलेशोजयति

ग्रंथ माला तिलक निर्णय

श्री गोकुलनाथजीनो संन्यासी अने जहांगीरथी थयेलो वादविवाद

संवत १६७४ मां संन्यासी चीद्रुप साथे उठेलो उपद्रव : चीद्रुप नाते मोढ ब्राह्मण, गाम हीलोल, परगणुं बहीअल, तालुका नडिआद (गुजरात)

त्यांथी गाम उज्जैन मालवामां आव्यो. त्यां क्षिप्रा नदी आगळ भीमरथी गुफा गाम बहार रहेतो हतो. जेथी गामना लोक बाहिलो कहीने बोलावता हता. (बाहिलो एटले अत्यंज थाय)

बादशाह जहांगीरनुं काश्मीरथी आग्रा प्रस्थान : पृथ्विपति मृगयाने दाहोद आलोदना वनमां जतां. ज्यारे उज्जैन आव्युं त्यारे तेमना सीपाईए राजाने कह्युं अहीं एक मोटो महंत गुफामां रहे छे ते घणो चमत्कारी छे. त्यारे बादशाहे तेने मलवानी ईच्छा दर्शावी त्यारे तेणे गुफा बतावी. बादशाह तेने मलवा गुफामां भीतर गयो. संन्यासीए उभा थईने राजानुं सन्मान कर्युं. नृपति कहेवा लाग्यो

ક્રાંઇ અનુભાવ બતાવ. સંન્યાસી સીદ્ર દેવનો ઉપાસક હતો તેને અસુર મંત્ર કરી બધી ગુફામાં ચકના ચુર પ્રકાશ બતાવ્યો. તે જોઈ બાદશાહ પ્રસન્ન થયો અને કહ્યું માગ ત્યારે સંન્યાસીએ કહ્યું હું વિરકત છું મારે કાંઈ જોઇતુ નથી પરંતુ એક વાત છે ધર્મની. જો તુમ સત્ય વચન કહો તો કહુ. ત્યારે બાદશાહે સત્ય વચન આપ્યું તુ કહીશ તે કરીશ. ત્યારે ચિદ્રુપે કહ્યુ તુલસીની માલા અને તિલક અને સ્વરૂપ સેવા જે કરે છે તે કંઈ લેખનમાં નથી. તે પૃથ્વિપતિને અનિષ્ઠ છે માટે માલા તિલક મિટાવીને ધર્મને પ્રર્વતાવો. ત્યારે બાદશાહે સત્ય સંકલ્પ કરી વચન આપ્યુ અને અવશ્ય હું તેનુ પાલન કરીશ એમ કહીને દેશાધિપતિ મૃગયાને ગયો અને બાબાજી કહી બોલાવ્યો અને વિદાય થયો.

પ્રથમ ઉજજૈનમાં થયેલો ઉપદ્રવ

પ્રસંગ દેવાભાઈ : આ દેવાભાઈ જાતે સરાણીઆ હતા તે શ્રી ગુંસાઈજીના સેવક હતા. તેઓ માલા તિલક સહીત રહેતા હતા. તેઓ ઉજ્જૈનમાંથી ચીદ્રુપની ગુફા આગળથી નીત્ય જતા આવતા હતા. તેને સંન્યાસીએ બોલાવી કહ્યું તુ નીત્ય મારી આગળ થઈને તુલસીમાલા તિલક સહીત જાય છે. અલ્યા તુ કોણુ છું કુટણીના જાણુતો નથી કે મહિપતિની આજ્ઞા નથી તે માટે તુ ઉતાર.

જવાબ : માલા એ ઉતારી કેમ જાય ઉતારવા પહેરી નથી. માલા માથા સાટે છે માલા ઉતરાવે એવુ કોણુ છે માલા સામુ કોઇ જોઇ શકતુ નથી.

સવાલ : સાંભળી સંન્યાસીને રીસ ચઢી ક્રોધ વસ થયો અને ત્યાંનો હાકેમ મહંમદ તકીને બોલાવ્યો અને કહ્યું બાદશાહનો હુકમ છે કોઈ માલા પહેરી શકે નહી અને આ ઉતારતો નથી તુ તેની માલા ઉતરાવ.

મહંમદ તકીએ દેવાભાઇને દરબારમાં બોલાવ્યો અને કહ્યું તુ માલા કેમ પહેરે છે જાણુતો નથી બાદશાહનો હુકમ છે કોઇ માલા પહેરી શકે નહી તુ માલા ઉતારી દે.

જવાબ : દેવાભાઇ કહે માલા કેમ ઉતારી જાય એ માલા જગદીશે પહેરાવી છે એવું કોણુ છે માલા ઉતરાવે. માલા બાંધી છે શીશ સાથે તે શીશ સાથે જાય હાથે કરી માલા ઉતારી જાય નહી. આ સાંભળી મહંમદ તકીએ હુકમ કર્યો એને હાથી તળે કચડી નાંખો. હુકમ થતાં જ મહાવત હાથીને લઈને આવ્યો અને અંકુશ મારી એના ઉપર ચલાવ્યો પરંતુ હાથી ડગે જ નહી. ઘણો જ પ્રયત્ન કર્યો હાથી હઠે જ નહી પછી બીજો હાથી મદગલીત લાવવા હુકમ કર્યો. તે મહાવત બીજો હાથી મદગલીત લાવ્યા. તે હાથી દેવાભાઇને દેખીને ચીસ પાડી નાઠો ને ઘણા મનુષ્યોને કચરી નાખ્યા અને નાઠો. આ જોઇને મહંમદ તકી આશ્ચર્ય પામી કહેવા લાગ્યો કે :

એમની માલા ખુદા ઇશ્વરે આપેલી છે. મારી તાક એમની માલા ઉતરાવવાની નથી. પછી મહંમદ તકીએ દે ભાઈને ઘરે બોલાવી હાથજોડી એક રૂપીઓ અને પામ ઓઢાડીને વિદાય કર્યા.

સંવત ૧૬૭૪ ના કારતક વદી ૧૧ ને સોમવારે બા શાહ જહાંગીરનું આગ્રાથી કાશ્મીર જવા પ્રસ્થાન કર્યું ત્યા

ચિદ્રુપ ઉજ્જૈનથી મથુરા આવતો હતો ત્યારે નૌરંગાબાદ આવ્યો ત્યારે તે સમાચાર ગોકુલ શ્રીજી કે આવ્યા ત્યારે (આપ) શ્રીજીએ વિચાર્યું કે તેને ભિક્ષા બોલાવવો જોઇએ. તે શ્રીજી ઘોડેસ્વાર થઇને નૌરંગાબા પધાર્યા ત્યારે વેગળેથી કોઇએ બતાવ્યો કે પેલો સંન્યાસ ચીદ્રુપ છે તે પોતે પાસે જઈને નમો નારાયણ, નમે નારાયણ કહીને ઉભા રહ્યા. સંન્યાસીને કહ્યું આ ગોકુલના તમોને નમો નારાયણ કહે છે તે છે ત્યારે સંન્યાસીએ નમો નારાયણ નમો નારાયણ કહીને કહ્યુ તમો શ્રી ગોકુલ નાથ છો આવો આવો. ભલે ત્યારે ગોકુલનાથજીએ સંન્યાસીં કહ્યુ હમારે ઘરે ભિક્ષા માટે આવો ત્યારે ચિદ્રુપ કહે આ તો અવેર હોત હે. ત્યારે શ્રીજીએ કહ્યું હમો ગ્રહ સ્વામ છીએ, તુમ વિરકત સંન્યાસી છો તમારી ફરજ છે ભિક્ષાં આવવુ જોઇએ ન આવો તો તમારી મરજી. આમ કહે વિદાય થાય છે.

જવાબ : સ્પષ્ટ વકતા શ્રીજી બોલ્યા શાસ્ત્ર સંવ

વેદ મૂલસો કહે સો અવશ્ય કરે નિર્મૂલ તો કીયો જાયે નાહી જો કોઉ શાસ્ત્ર વિરૂદ્ધ કહે સો કીયો જાયે નાહી કબહુ.

સવાલ : જહાંગીર કહે આપ મથુરા ડેરે આઇઓ પ્રાતઃ જો કહેનો હોવે સો વહાં કહીઓ અરૂ હમકુ કહેનો હોવેસો વહાં કહેંગે અબ આપ વિદાય હો વહાં મથુરા ડેરે આઈ ઓ.

મથુરા પ્રસ્થાન

શ્રીજી ફલાહાર કરીને વિચાર કર્યો મથુરા સાથે લઈ જવા માટે માલા તિલકનાં સિદ્ધાંન્ત એકત્ર કરી પોતે પોતાની સાથે લીધાં. તેનું નામ સાર સંગ્રહ ગ્રંથ રાખ્યુ અને દેશાધિપતિની સભામાં કોટિ સુર્યનો પ્રકાશ સહીત સામે જઇ ઉભા રહ્યા. ભૂપે કહ્યું આઓ આઓ મનમાં આશ્ચર્ય થયો ધર્મ ઈનકા સાચા વણુ તેડે અહીં આવીને ઉભા રહ્યા ત્યારે બાદશાહે કહ્યું હમ સંન્યાસીકી ગુફામાં જાત હે તુમહી ચલો.

ત્યારે શ્રીજીએ કહ્યું ઈચ્છા તુમેરી હમારો કાહા વિચાર. શ્રીજી નૃપતિ સાથે ચિદ્રુપની ગુફાએ જાય છે ત્યાં શ્રીજી ગુફાની બાહેર ઉભા રહ્યા. જહાંગીર પાલા થઈને ગુફામાં ગયો ને સીસ નમાવીને કહ્યું બાબાજી મોહીકુ આજ્ઞા દીજીએ ત્યારે સંન્યાસી કહે તમોએ જે વચન

આપ્યુ છે તે વચન પાળો અને એમની માલા ઉતરાં
એ સંસારીને અવિહિત છે અમંગલકારી છે ત્યારે બાદશા
સંન્યાસીને કહે છે.

એ ઠાડે હે બાહાર ગોકુલનાથ ગ્રંથ ચર્ચા
ઉનકે સાથ કરો વો કહત હે વેદોકત હોવે સોઇ કરીએ

સંન્યાસી બાદશાહને કહે છે તમો એમને મારી પા
શીદ લાવ્યા મારે કંઈ પુછવુ કહેવુ એમનાથી નથી. તમ
વચન પાલો અને તમારી છડીના બલે એમની માલા ઉતરાવે
ઝઘડવાનુ કામ નથી તમારી છડી કામ કરશે ત્યારે પાદશા
સંન્યાસીને કહે છે ગોકુલનાથ જો કહત હે સિદ્ધાંતથી કહ
હે કે અપને મનથી કહત હે. શાસ્ત્રમાં કહ્યુ છે કે નાહ
ત્યારે સંન્યાસીએ કહ્યુ તે જે કરે છે એમજ પર
બ્રાહ્મણે જે કહ્યું છે તે જ હું કહું છુ તે તમારા હીત
ના હોત તો હું શાને કહેતો એ અનિત છે અમંગલ
મારી પાસે એમને લાવશો નહી તમારો હુકમ જ કા
કરશે. એવો કોણ ભૂમંડળમાં છે કે નૃપતિનો બોલ ઉઠાવે
તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાવાળુ ભૂમંડમાં કોઈ છે
નહી માટે તમારા વચનના બલે એમની માલા ઉતરાવો.

બાદશાહ ગંભીર વિચારમાં પડયો. બાદશાહ એ
સમજતો હતો કે બાબાજી શું ચર્ચા વાર્તા સિદ્ધાંન્તથી થશે
અને તેનો નિર્ધાર થશે. બાબાજીએ શાસ્ત્રનો વિચાર કર્યે
નહી હમારા બાપ દાદાએ દિક્ષીતજીને ઘણું માન આપ્યુ

છે તેને હું કેમ દુર કરૂ એ ચિંતા કરવા લાગ્યો.
હું મોહિની વિદ્યાએ વશ થઈ ગયો મારાથી વચન
અપાઈ ગયુ હવે શું થાય પછી થોડી વાર વીચાર કરીને
કહે છે હમણાં માલા ઉતરાવુ છુ. એમ કહીને પોતાને ડેરે
ગયો ને શ્રીજીને ડેરે બોલાવ્યા.

જહાંગીરનો હુકમ : સુનો જે ગોકુલનાથ ગુંસાઈ
તુમ કોણુ ભાંન્તીકો વિચાર કીનો. બાબાજી કે સાથ બાબાજી
જો કહે સો કરો અરૂ માલા ઉતારો અરૂ મેહુ કહત હે
તુમ માલા ઉતારો.

જવાબ શ્રીજીનો : વૈષ્ણવ ધર્મ મૂલથી ચલ્યો
આયો હે વામાં માલા તિલકકો અરૂ સ્વરૂપ સેવાકો નિષેધ
કોઉ બતાવે સો કરે. માલા કયું ઉતારે ત્યારે નૃપતિ બોલ્યો
વે કયું કહત હે ત્યારે શ્રીજી બોલ્યા વો તો મૂર્ખ હે કછુ
સમજત હી નાહી દેખત નાહી શાસ્ત્ર તાસુ કાહા કીજીએ
ઈનકે કહે હમ માલા નાહીં ઉતારેંગે.

જહાંગીરનો હુકમ : તો કાહા તુમ ઉનકો અરૂ
હમારો કહ્યો નાહી માનત હો માલા ઉતારો હઠ મતિ કરો.

શ્રીજીનો જવાબ : શ્રીજી ચતુરાઈસુ એક વ્યંગ
વચન બોલ્યા. જાકો કીયો દેશાધિપતિ કરે વાકો કહ્યો ઓર
પ્રજા સબ કયું ન કરે પેં મે જો કહત હું સો ધર્મ કે
ન્યાયે જે કછુ ઉચિત હોય સો કહો હમ કયું નાહી કરે.

વેદ પુરાણ શાસ્ત્રમાં એક અક્ષર કાહું હોય સો બતાવે આ હમારી પાસ પુસ્તક લાયે હે અરૂ મંગાયકે દેખીઓ વામે નીકલે સો બતાવે સો કીજીએ. હમ ધર્મકી ઉચીત બાત માનેંગે અણુઉચીત હમ કબહુ નાહી માને. સમે વર્તિ શ્રીજીની ગંભિરતા. શ્રીજી સમય જોઈ ને ના ન કહી. કોઈ વાતનો નિર્ધાર ન કર્યો અને મૌન થઇ ઉભા રહ્યા.

તે સમયે બાદશાહે જે માલા ઉતારવાનો હુકમ કર્યો તે સમયે ઉત્તર ન આપ્યો તેનું કારણ.

શ્રી મહાપ્રભુ આ સમયે પોતે ઉગ્ર પ્રચંડ પ્રતાપ બલે બાદશાહના વચનનું ઉલ્લંઘન કરી દિગ્વિજય કરતા પરંતુ પોતાની ઇચ્છાએ આ માલાનો ઉપદ્રવ ઉઠાવેલો હતો તે કારણે વચન ભંગ કર્યું નથી. કાશ્મીરમાં પધારી અના-રજ દેશોમાં જે દૈવી જીવો હતા તે અમથા રહી ગયા હતા કારણ શ્રી આચાર્યજી શ્રી ગુંસાઇજીએ સરસ્વતીનું ઉલ્લંઘન કરેલ નથી વેદ અને મર્યાદાનું પાલન કર્યું છે જેથી પધાર્યા નથી તે શ્રીજી. એ વેદ મર્યાદાનો ત્યાગ કરી ધર્મનું રક્ષણ કરવા અને ત્યાંના જીવોને પોતાના પદ કમલે કરી શુદ્ધ કરવાના હતા જે સ્થાવર જંગમ જડ વત પશુ પક્ષિનો ઉદ્ધાર કરવાનો હતો અને પોતાનો જશ અને ધર્મનો વિસ્તાર કરી શ્રી આચાર્યજીએ તન માર્ગ તે નિર્ભય થતો નહી. આ કારણે પોતે તે સમય કાંઈ બોલ્યા નહી તે બાદશાહ શ્રીજીને જે જે કહેતા હતા તે સમયનો વાદ વિવાદ રાયસીંઘ ભુરટીઆની બેટી માનીબાઇ તે જનાનામાં

પાદશાહની મહેતારી મરીયમ જમાનીની પાસે દોડી ગઇને કહેવા લાગી કે જો બાદશાહ હવે ગોકુલનાથને કાંઇ આગળ કહેશે તો હમો સર્વે રાજપુતાનીઓ કટારી ખાઈને મરશુ. આ વાત મરીયમ જમાનીએ આવીને નૂરમહોલ બેગમને આવીને કહ્યું કે આ રજપુતાનીઓ એમ કહે છે કે હમ હિંદુ જાત છોડી તુરકની હુઈ અબ આ વખતે જો પાદશાહ ગોકુલનાથને કંઇ આગળ કહેશે તો હમો સર્વે કુંન્ડવા સહીત ઝહેર કરી મરશુ. નૂરમહોલે તરત ભીતર બાદશાહને બોલાવીને કહે છે કે :

એક જીવ દુઃખી કીયા ભલા કે દુનિયાં દુઃખ પાવે સો ભલા. જગતકુ દુઃખ દેકે કાહા ઈન બાબાજી કી રૂખ રાખત હો. વે માનવંતીઓ કહે છે કે હમ કુંન્ડવા સહીત ઝહેર કરીને મરશુ. એ ઇશ્વર હે ઇનકી દુઆ લેની ચાહીએ એ કાહા ઉનકી દુઆસે કાહા હોએંગો.

બાદશાહ કહે છે એ ગોકુલનાથ બાબાજી કે સાથ એક રસ કર્યું નાહી હોત હે. ત્યારે નૂરમહોલ કહે છે એક રસકી કાહા ચલી એ ગોકુલનાથ સબનકો એક રસ કર દેએંગે પેં એ બડે ઈશ્વર હે. એ કાહુકો બુરો ચાહત હી નાહી હે તાતે ઉનકી દુઆ લેની ચાહીએ. પાદશાહ જનાનામાંથી આવીને દરબારમાં આસફખાનને કહે છે ગોકુલનાથજીકો તુમ બાબાજીકી પાસ લે જાઓ એ કાહા કહતહે ત્યારે નૂર મહોલે આસફખાનને બોલાવીને કહ્યું એક બેર વહાં લે જાકે

બાત ઉતાર ડાલો ફીર આસફખાન શ્રી ગોકુલનાથજીકો બાબાજી પાસ લઈ જાય છે. આસફખાને બાબાજીસુ કહી એ આયે હે ગોકુલનાથ તુ કાહા કહત હે. ત્યારે સંન્યાસી બોલ્યો હું કાંઈ તેમનાથી કહેતો નથી. મારે શી પડી છે બાદશાહ જાણે ને ગોકુલનાથ જાણે. જેણે ધર્મે કરી બાદશાહકો ભલો હોય તેસે કરો ત્યારે શ્રીજી બોલ્યા પાદશાહકો ભલો પાદશાહકે ધર્મસુ હોએગો. ત્યારે આસફખાન બાબાજીસુ કહતહે તુ એસે મતિ જાણુકે પાદશાહ મેરા ભયા હે. પાદશાહ તો કહાઇ કે પાતહે તુ સમજ સોચકે ચલીઓ. આસફખાન ગોકુલનાથ પાછા દરબારમાં આવ્યા ત્યારે પાદશાહે પુછ્યુ એ કાહા કહત હે ત્યારે આસફખાન કહે છે એક બાત નિર્ધાર કરકે કછુ કહત નાહી કબહુ કછુક કબહુ કછુક.

જહાંગીરનો હુકમ : લીખવાદો જો બાબાજી કહેંગે સો કરેંગે. અરૂ માલા ઉતારેંગે એસે લીખદો. એ આસફખાન શ્રીજીસુ કહે છે કે આપ એક બેર લીખદો પાછે ઝખ મારત હે.

જવાબ : શ્રીજી બોલ્યા લીખકે કાહા હમ ધર્મ છાંડે હમ એસો કપટ ધર્મ આચરત નાહી હે જો એસો લીખદેવે. ત્યારે આસફખાન શ્રીજીસુ કહત હે ચિંતા મતિ કરો એક બેર લીખદો. શ્રીજી લખી આપે છે કે બાબાજી જો શાસ્ત્ર ઉચીત કહેંગો સોઈ હમ કરેંગે વેદ શાસ્ત્ર પુરાણુકી બાત માનેંગે જો કહેંગો સોઈ આમ લખી આપીને શ્રીજી પાદશાહથી

વિદાય થઈ શ્રીમદ ગોકુલ સુખ રૂપે પધારે છે તે.

સંવત ૧૬૭૬ ના કારતક વદી ०)) વાર ગુરૂવારે મથુરામાંથી શ્રીમદ ગોકુલ ચાર દીવસે વાદ વિવાદ પાદશાહ સંન્યાસીથી કરીને પધારે છે.

પાદશાહ જહાંગીરનું કાશ્મીર પ્રસ્થાન : જતી વખતે શેરખાં ફોજદાર તથા સકદાર ઇતબારખાનકુ આજ્ઞા કરી કે બાબાજી સો કહે સો કરીઓ ઓર ઈનકી ચોકીમેં રહીઓ.

મથુરામાં ઉપદ્રવ બે વરસ ચાલ્યો

બાબાજીને મહિપતીનું માન મલવાથી મથુરામાં ઘણો જ ત્રાસ ત્રાસ વરતાવ્યો છે. એક તો દુષ્ટ અને પછી મહિપતિનું માન. જેમ વાંદરાએ કર્યું મધુપાન અને કારેલી ચઢી લીમડે એ કહેવત જેવુ કર્યું છે.

મથુરામાં ચીદ્રુપનો હુકમ : ફોજદાર શેરખાંને હુકમ કર્યો કે મથુરા ગામમાં તેમજ વૃંદાવનમાં જે કોઈ તુલસી માલા વેચતા હોય તેઓને લુંટી લો અને દુકાનો બાળી મુકો જો કોઈ માલા રાખેજ નાહી. ત્યારે ત્યાંનો સકદાર કહે છે દુકાનો બાળવાથી સાથેનાં ઘરાં બળશે તો પાદશાહ પુછશે તો શું જવાબ આપીશ ત્યારે ચીદ્રુપ કહે છે તો દુકાનોનાં મોઢાં ચણી લો અને દાંડી પીટાવો કે મથુરા વૃંદાવનમાં કોઇ તુલસીની માલા પહેરી શકે નહી અને કોઈ તુલસી માલા વેચી શકે નહી. ઉત્પાત ઘણો થયો તે સર્વે વૈષ્ણવો મલી શ્રીજી પાસે આવ્યા તેઓનાં

નામ : મહેરા પુરુષોત્તમદાસ નાગજીભાઈ, જેરામભાઇ ન્યાલચંદ, કલો કૃષ્ણુદાસભાઈ ગોવિંદદાસ, બીહારીદાસ શ્યામદાસ જેતલી. આ સર્વે વૈષ્ણુવોએ વિનંતી કરી જે રાજ એની બાજી ચઢી છે ઉત્પાત ઘણો જ થઈ રહ્યો છે કોઇ ધિરજ ધરી શકતા નથી જબરન માલા દેખે તેની ઉતરાવે છે તો કોઇ ઉપાય કરવો જોઇએ આ સાંભળી નાગજી ગાંધી અને ન્યાલચંદભાઇને બોલાવી દેશાધિપતિના કટકમાં આગ્રા લશ્કરખાન હાકેમની પાસે મોકલ્યા ત્યાં જઈને કહે છે કે સંન્યાસી અહીં આવી આવી ઉપાધિ નિત્ય કરે છે. લશ્કરખાંને મહાપ્રભુના કુશલ સમાચાર પુછયા નાથજીનીકે જે કહીને કહે છે કે ઝબ મારત હે સંન્યાસી કહેંગો તબ જાનીએ તુમ ચિંતા કછુ મતિ કરો અરૂ મનમે કછુ આનનો નાહી નાથજીકુ હમારી દુઆ કહીઓ અરૂ કહીઓ હમતો તુમેરી સેવામેઈ રહત હે તે સમાચાર શ્રીજીને આવીને કહ્યા.

સંન્યાસીની કૃત-જ્યારે ભિક્ષાને ખાવા જાય ત્યારે આગળ પ્યાદા રહે પાણી મસકોથી છંટાય અગનોતરીને ત્યાં તેને ઘરે ભોજન કરે અને ખાઈ ઉઠે તેને ઘરે સુઈ જાય આરામ કરે ગ્રહસ્થના ઘરની સ્ત્રીઓ પગ ચંપી કરે સાંધા લગાવે એક સ્ત્રીએ વસ્ત્ર ઉંચુ પહેર્યુ હતુ તે ઉંચી હતી. તેને પુછ્યું તેં વસ્ત્ર ઉંચુ કેમ પહેર્યું છે? ત્યારે તે કહે અહીં મલતુ નથી ત્યારે તરત જ વણુકર બોલાવી

પોતાના દંડથી માપીને હુકમ કર્યો કે વેગુ કરીને લાવો નહીંતર દંડ દઈશ.

સંન્યાસીનો હુકમ : ગામમાંથી વચીષ્ટ પાંચ બોલાવીને કહ્યું તમો ગોકુલ જાવ અને ગોકુલનાથને બોલાવી લાવો અને સમજાવીને તેઓની માલા ઉતરાવો. વચીષ્ઠ ગોકુલ આવ્યા શ્રીજીએ પુછયુ કયું આયે હો ત્યારે કહે છે કે તમોને સંન્યાસી બોલાવે છે અને આમ કહેવડાવ્યું છે કે આજ્ઞા મહિપતીની માલા પહેરવાની છે નહીં આપ એક રાજ માલા ઉતારતા નથી અને સર્વેએ માલા ઉતારી છે તો રાજ આપ માલા ઉતારીએ.

ત્યારે **શ્રીજી સ્પષ્ટ વકતા બોલ્યા** : તુમ જા કે કહો કે ઉતારી જો સબ કહી ઓર સબનને પહેરી તો કાહા હમ કાહુકે પાછે લગુઆ નાહી હે. હમ સ્વતંત્ર સદાય રહે અરૂ કાહુ કે કહે ઉતારેંગે નાહી ઓર કબહુ ઉતારેંગે નાહી કોઉ કછુ કરો ઓર કાહુકે પહેરે હું નાહી પહેરી હે તુમ વાહીસુ જાય કે કહો એહ હમારો વચન નિદાન હે ભગવદ ઇચ્છા હોએગી સોઈ પેં હમારી એસી ટેક હેં અરૂ સત્ય વચન હે જાય કહો આ સાંભળી વચીષ્ઠ પાછા ગયા.

વચનામૃત : ભગવદ ઇચ્છા નિરધાર ન હોવે તો કોણુ ભ્રાંન્તી પ્રમાણીએ ત્રણુ પાદશાહીમાં જો ઠાકુર પક્ષ ન કરતા આ ટાઇમે તો ત્રણુ લક્ષ વરસ લગી કોઉ માલા

પહેરી શકતા નાહી ને તિલક કરી શકતા નાહી એસો સમય યહ હૈ.

એક દીવસે આગ્રાથી વંશ ગોપાલ ક્ષત્રી તે ફોજદાર તેની બદલી મથુરા થઇ તે સંન્યાસીને મલવા ગયો ત્યારે સંન્યાસી તેને કહે છે કે તુ ગોકુલનાથને મારી પાસે લઇ આવ. વળતો તે ગોકુલ આવ્યો. શ્રીજીએ તેનું સમાધાન કર્યું નહીં ને તેનાથી વાત પણ કરી નહી અને તિરસ્કાર કર્યો વળતો તે ખીસીઆઈને માહાવન ગયો ત્યાં લશ્કર ભેગુ કરે છે ત્યારે માહાવનનો સરદાર રાય ગદાધરદાસે કહ્યું આ લશ્કર કયાં લઈ જવા કરો છો. હમકુ કહેનો તો ચાહીએ અહીંનો હાકમ મેં હું એસી ઠોર હોવે તો મેં પણ તુમેરી સાથ ચલુ અરૂ મેરો કટક મોકલુ ત્યારે વંશ ગોપાલ ફોજદાર કહે છે મેં ગોકુલનાથકુ લેન આયા હું ત્યારે ગદાધર કહે છે એ તેરે સાથ આવેંગે નાહી ત્યારે તેને કહ્યું વહાં કટક કો સામાન બહોત હે ત્યારે રાય ગદાધર કહે છે સામાન તો કછુ એ નાહી પેં ઉનકી એસી બાન હે એક મનુષ્ય બોલાઈ લાવે તો આવે અપની ઈચ્છા તે નહીતર લક્ષ ઉપાય કોઉ કરો એ આવેંગે નાહી. જહાંગીર સુબાનો ભાઈ જહાંગીર પાદશાહ બોલી શકયો નાહી એસો પ્રતાપ હે. આ સાંભળી તેની દુષ્ટતા ગઈ અને સેવકભાવ આવ્યો તે પછી મથુરા જઈને સંન્યાસી આગળ શ્રીજીની સ્તુતી કરવા લાગ્યો.

શ્રી બેઠકજીમાં બેઠેલા વૈષ્ણવો આપસમાં આ ઉપદ્રવ જોઇને આપસમાં વિચાર કરે છે કે ચીદ્રુપે ત્રાસ ત્રાસ વર્તાવ્યો છે તો તેનો આપણે અંત લાવીએ તો તેનો દોષ આપણને લાગશે નહીં. કાવિઠાના પ્રાગદાસ કહે છે કે એ કામ મને સોંપો. રાત્રીમાં જઈને એનું છેદન કરૂ, હરરામ જલગરીઓ કહે છે આપણે વિશ્રામ ઘાટે જઈ બેસીએ. એ નાહાવાને પેસે ત્યારે તેનો પગ ઝાલીને દુર સુધી જલમાં ખેંચીને લઇ જઇ અંત આણીએ, પહોરૂઓ કહે છે એ કામ હું કરૂ. હું જલમાં બે પહોર સુધી મગરની પેરે જલમાં રહું છું તે તેને જલમાં દુર સુધી લઈ જઉ મને કોઈ જાણશે નહી હું દુર જઈ નીસરૂ. પછી વળી એક કહે છે કે એ ખાવાને જાય ત્યાંહાં તેનો અંત લાઉ વળી એક કહે છે કે એને સીધામાં ઝેર મેલવીને આપીએ. એ નારાયણદાસના હાટે સીધો લેવા આવે છે. ત્યારે વળી એક કહે છે જયાં એ સુતો હોય ત્યાં જઇ તેનું માથુ કાપી નાંખુ, વળી એક કહે છે કે તેના ઉપર પત્થર નાંખી અંત લાવું, વળી એક કહે છે કે તેનુ કમંડર પાણી પીવાનું હોય તેમાં ઝહેર મીલાવી દઇએ મને કોઇ જાણશે જ નહી. આમ પરસ્પર સર્વે વૈષ્ણવો બેઠકમાં બેસી વીચાર કરતા હતા તે વાતો શ્રીજી ભીતરથી સર્વે સાંભળતા હતા તે બાહેર આવીને વૈષ્ણવોને કહે છે તુમ વાતો કાહા કરત હો ત્યારે બધા વૈષ્ણવો સટપટાઈ ગયા અને કહે છે હમો કંઇ વાત કરતા નથી ત્યારે શ્રીજી કહે કછુક તો બાત કરત હો.

ત્યારે વચનામૃત શ્રીજીનું પે' આજથે હમારો કોઉ હોએ સો એસો વિચાર કબહુ મતિ કરો. કૃત્ય ઉનકી ઉને લગેગી બુડેંગો ઉનકે પાપતે તુમકુ કછુએ કરનો નાહી પડે ભૂમ- તેંગો અપનો આપથે અને મથુરાના વૈષ્ણવોને કહ્યું જાકો ડર લગે સો ગોકુલ સુખેનસુ આપ રહો ત્યારે વૈષ્ણવો કહે રાજ મથુરાવાલા એમ કહેશે કે ડર લાગ્યો એ નાસી ગયા ત્યારે શ્રીજી કહે ધીરજ ધરો સુખેન રહો ચિંતા કછુ કોઉ મતિ કરો એ કાહા કરેગો ઝખ મારત હે પે કોઉ કછુ ઉપાધિ મતિ કરો. સહન કરી રહીઓ. ભગવદ ઈચ્છા હોવે સોઈ હોએગી.

સંન્યાસીનો હુકમ : સંન્યાસીએ સકદાર અને કોટવાલ, સારંગપોર, ઉદેરામ આ ચારે જણાને બોલાવીને હુકમ કર્યો કે ગોકુલ જઈને ગોકુલનાથની માલા જબરન ઉતારી આવો. આ વાત થીરૂ મલાહે આવીને શ્રીજીને કહ્યું કે એ ચારે જણા આવો મત કરીને આવે છે બુરી દષ્ટિથી, ત્યારે શ્રીજી બોલ્યા ચિંતા નાહી.

દામોદર ગૈદ તે બડા ઘરને અનુસરતો હતો તેને દુરથી કોટવાલને શ્રીજીની બેઠક દેખાડી તે માધવદાસ ખવાસે તેને દીઠો તે દીવસથી એનુ મોં જોયુ નહી અને જનમભર સંભાસણ કર્યું નહી આવો ટેક જોઈએ. ફરી કોટવાલ બેઠકે આવ્યો પણ શ્રીજીના પ્રતાપ બળે બોલી શક્યો નાહી પછી જરા એક વારે શ્રીજીએ કહ્યું કયું આયે

હો ત્યારે તે બોલ્યો માહાવન આયેથે વહાંસે ગોકુલકા તમાસા દેખનેકુ આયે હો.

ત્યારે શ્રીજી બોલ્યા : તમાસા યહાં કાહા હે. તમાસા મથુરામાં કેશવરાય કે વહાં દેખીએ, યહાં તો ઘર હે હમારો, તમાસા કાહા હે. વળતાં પિતામ્બર ભટ્ટ કંઠમાં માલા દુરાવતા હતા. ત્યારે કોટવાલ બોલ્યો કયું વે તુ માલા દુરાવતા હે. જાનત નાહી જે બાદશાહકા હુકમ હે માલાકો પહેરી શકે નાહી ત્યારે શ્રીજી બોલ્યા દુરાવે કાહા દુરાવા પહેરીયત નાહી હે જો દુરાવે. ત્યારે કોટવાલ બોલ્યો જે તુમ માલા કયું પહેરીયત હો બાદશાહની મનાઈ હે માલા ઉતારો.

ત્યારે શ્રીજી બોલ્યા : હમ તો પહેરત હે સદાય હમારી સાત સાખા ભઇ આદિ તે ચલી આઇ હે તાપર પહેરત હે હમ લીખે પર હમ પહેરત નાહી.

કોટવાલ બોલ્યો : તુમેરી પાસ લીખ્યો હોવે તો બતાવો જાહી પર તુમ પહેરીયત હે ત્યારે શ્રીજી બોલ્યા પેં તુમ મનાઈકો લીખ્યો હમકો લાયકે દીખાવો કે માલાકી મનાઇ હે તુમ વિનુ જાણુ કહત હો પાદશાહસે હમારે બાત ચીત હો રહી હે.

દામોદર ભટ્ટકો પ્રસંગ : દામોદર ભટ્ટકો એક સીપાઈએ પકડી માલા ઊપર હાથ નાંખ્યો. ભટ્ટજી તો દોડીને અટારીએ ચઢી ગયા અને સિપાઈના હાથમાં માલા તો

આવી નહીને ધોતી હાથમાં આવી તે બેઠકજીમાં સોર થયો શુમ પડી ત્યારે શ્રીજી કહે એ સોર કાયકો હોત હે ત્યારે વૃત્તાંત કહ્યું ત્યારે શ્રીજીએ કોટવાલને શ્રીકંઠની માલા દેખા- ડીને કહ્યું જો કહેનો હોવેસો હમસુ કહો હમારે લોક કહેનો કાહો.

ત્યારે કોટવાલ બોલ્યો : તુમે માલા કયું ઉતારત નાહી સંન્યાસી કહે માલા ઉતારો ત્યારે શ્રીજી બોલ્યા સંન્યાસી કો કહ્યો હમ કબહુ નાહી માનેંગે તો કોટવાલ બોલ્યો ચલો સકદાર વહાં બેઠે હે વહાં ચલો તો શ્રીજી કહે અવશ્ય ચલો એમ કહીને આપ ઉભા થયા ત્યારે સહુ આશ્ચર્ય થયા. સ્વરૂપ પ્રાબલ્ય ઉગ્ર સ્વરૂપ જોઇને કોટવાલ ભયભિત થયો પછે લગારેક વાર સામુ જોઇ રહ્યો પછી શ્રીજીસુ કહેવા લાગ્યો કે નાથજી તુમકુ કહા સો માનો પાદશાહસે હઠ મતિ કરો યામે કછુ ભલી નાહીં દુઃખ પાવોગે શ્રીજી બોલ્યા ચિંતા નાહી કોટવાલ શ્રીજીને કહે છે એક બેર તુમ હમ મીલી સંન્યાસી પેં ચલે.

શ્રીજીનો જવાબ : હમ કબહુ ચિદ્રુપ પેં ચલેંગે નાહી.

સકદાર કહે છે : તો તુમ પાદશાહ પેં ચલો ત્યારે શ્રીજી બોલ્યા બાદશાહ પેં ચલવેમેં હમકો વીસ દીન લગે હમ બૈરાગી નાહીહે સો ઉઠ ચલે.

કોટવાલ અને સકદાર : શ્રીજીને કહે તુમ આપ

બહોત જોરાવરી હો અરૂ હઠીલા હો વહાંબી ચલો નાહી અરૂ અહીં બી ચલો નાહી યાહી ભ્રાન્તી બાદશાહ પેં હમારી ખાલ ઉતરાવેંગે અરૂ હમારે બચ્ચાનકું ઘાણીમાં પીલવાઓંગે તબ ચીલીઓ એસે હમકુ મરવાવેંગે દયા વિચારી હમ પર એક બેર આપ સંન્યાસી પેં ચલો નાથજી હમારી એ વિનતી માનીઓ ત્યારે.

શ્રીજી બોલ્યા : અવશ્ય એમ કહીને ઉભા થયા ત્યારે સર્વે વૈષ્ણવો તેમજ પરિવાર અને પરીકરોએ જવાની મનાઈ કરી ત્યારે શ્રીજી બોલ્યા એક બેર ઉનપે જાયકે સબ બાત કરી આઉ એમ કહી પધારે છે શ્રીજીએ કોટવાલ અને સકદારને કહ્યું ઘર હો કે વસ્ત્ર પહેરકે ચલેંગે.

કોટવાલ બોલ્યો : નાહી નાહી યુંહી ચલીઓ વિલંબ કરકે રાયકે મોહ વાસીઓસે બોલવાયકે હમકુ મરવાના ચાહતે હો હમસુ દગા કરોગે. કોટવાલના મનમાં ડર હતો કે પારકે પરગણે લશ્કરખાનની જાગીરમાં છે અને હિન્દુના મુગટમણીને લેઈને જાઉ છુ તો રખે કોઈ આવીને હમ સાથે યુદ્ધ કરે એ કારણે ઉતાવળ કરી લેઈ જવા વિચારતો હતો શ્રીજી અવિરૂદ્ધ સેતુ પ્રવિણ પ્રભુ ઠકુરાણી ઘાટે પધારીઆ.

અહીં કાવીઠાનો મોટો ભાઇ એહોએ વિચાર્યું કે હું રાજપુત આ વખતે કામ ન આવું તો મારી રજપુતાઈ શા કામની તેને મુછે બળ કરી તલવાર હાથમાં લીધી અને

એક એકને જીવતા આજ જાવાદુ નહિ. શ્રીજીએ તેના સામુ જોઇને કહે છે કે આને ઘરે લેઇ જાઓ સેન કરીને વરજ્યો અને ગૈષ્ણુવોને કહ્યું તેડી જાવ દરેક હથીઆરો લેઈ લેઈ મરણ દઇને આવેલા તેઓને શીખામણ દીધી ઉપાધિ કોઉ મતિ કરો અરૂ સબનકુ કહો કે યહાં હમારી પાસે કોઉ આવે નાહી કોઉ કો આવન મતિ દીજીઓ જંજાર બઢેગી એમ કહી ક્ષણું એક ઉભા રહ્યા અને વાહનની આવવાની રાહ જોવા ઉભા રહ્યા નહીં. કોટવાલને સકદારે શ્રીજીને કહ્યું આપ હમારે ઘોડે સ્વાર થાઓ ત્યારે શ્રીજી બોલ્યા હમકો પાલા આવના અભ્યાસ હે ત્યારે સકદાર બોલ્યો આપ પાલા આવે એ હમકો ઉચીત નાહી પછી એહોનુ વચન માની સકદારના ઘોડે શ્રીજી સ્વાર થયા અને કોટવાલના ઘોડે ઘનશ્યામજી સ્વાર થયા વૈષ્ણવો તેમજ બીજા બધા શ્રીજી સાથે હતા તેઓને કોટવાલે મારી મારીને પાછા વળાયા એક દામોદર જીવીબાઇના પુત્રના હાથમાં શ્રીજીના જલપાનનો ગડુઓ હતો તેને પ્યાદાઓએ માર મારવા માંડયો પરંતુ જીવીબાઇનો પુત્ર દામોદર શ્રીજીની નાવે વળગી સાથે ગયો જલપાનનો ગડુઓ મુકયો નહી અથાગ માર તે ઉપર પડયો પરંતુ શ્રીજીનો સાથ મુકયો નાહી વીસરામ રજપુત માર ખાતો ખાતો તરીને પેલી પાર પહોંચ્યો.

દામોદરદાસનો પ્રસંગ : આ દામોદર અસ્વસ્થ થયો અને મથુરા બાગમાં પડયો ત્યારે શ્રીજીએ ફરી ફરી એમના સમાચાર વૈષ્ણવોને પુછવા લાગ્યા. દામોદર કેસો હે

ત્યારે જાની જમનાદાસે કહ્યું મહારાજ આજ્ઞા હોય તો જઈને જોઈ આવુ એટલુ સાંભળી શ્રીજી પ્રસન્ન થયા બોલ્યા હાં હાં તુ એક બેર દેખકે આવ તો તો ભલી કરે પછી બાગમાં જયાં સુતો હતો ત્યાં આવ્યા ભગવદ સ્મરણુ કહ્યા અને પુછયુ દામોદર તુ કેસો હે શ્રીજીએ મને પુછવા મોકલ્યો છે એ સાંભળી દામોદર કહે કાં ન પુછે, હમારે સુ બીજો કોઈ છે. એમ કહીને પછી બોલાયુ નહી તે જાની જમુનાદાસે અહીં આવીને શ્રીજીને કહ્યું જે મહારાજ આણી આણી ભાંન્તે બોલ્યો તે સાંભળી દયા સિંધુ કરૂણા કરી કહ્યું.

વચનામૃત : કાહુકો ઉપકાર કહ્યુ કોઉ કરે સો ભૂલત નાહી મથુરા મામલે અપાર માર પડયો પેં મેરી નીકટસે ટર્યો હું નાહી સો મેં ભુલત નાહી એ સ્વામી સેવકનો ધર્મ શું છે એ બતાવ્યો.

શ્રીમદ ગોકુલ : શ્રીજીને કોટવાલ અને સકદાર મથુરા લેઈ ગયા ત્યારે ન્યાલચંદભાઈ અને રામશાહ માહવન રાયગદાધર પાસે ગયા અને કહ્યું શ્રી ગોકુલનાથજીકો ધોંસ મથુરા લેઇ ગયા એ સાંભળી ક્રોધ વસ લશ્કર લઈને ગોકુલ આવી પહોંચ્યો રાયગદાધરે સાંભળ્યું કે લેઇ ગયા પછે ખેદ પામી કહ્યું પહેલે ખબર મને કેમ ના આપી ઘણીવાર ગોકુલ રહ્યા ખબર ન કરી મારે જીવતે લેઇ જાય તો હમો શા કાજના. દાંત પીસીને શ્રી જુમનાજીમાં ઘોડા નંખાવ્યા ત્યારે પહોરૂઆએ આવીને કહ્યુ શ્રીજીની આજ્ઞા નથી કોઉ

મતિ જાવ કોઉ કોઉ પ્રકારની ઉપાધિ મતિ કરો પછી સર્વે દાંત પીસીને રહી ગયા. સામની પારથી આ લશ્કર જો કોટવાલ ઉતાવળ કરી બીતો બીતો શ્રીજીને લઈ જાય છે

શ્રી ગોકુલ આકુળમાંન થયુ કલેશ ઘણો થયો જાનકી વહુજીએ ઘરે આવીને જયદેવજી સુતા હતા તે કહે છે સુઇ શું રહ્યા છો ગોકુલનાથ કાકાને મથુરા ધોંસ લેઇ ગયા તરત જ જયદેવજી આગ્રે લશ્કરખાન પાસે જઇ પાંચ્યા શ્રી ગોપાલ કલેશ ભર્યા અટાલી ઉપર આવી બેસી ગયા છે ત્યાં સર્વે લીલાંધર ભટ્ટ, પીતાંમ્બર ભટ્ટ, નીલાંમ્બર ભટ્ટ, વિઠ્ઠલ ભટ્ટ, માસા દામોદર ભટ્ટ વીગેરે ભરાઈને પાસે બેઠા છે ત્યારે પોલીઆ ધર્મદાસ રજપુતે તાડીને કહ્યું તમો શું જોઇને અહીં બેસી રહ્યા છો શ્રી ગોપાલને વરજ્યા છે તમોને તો વરજ્યા નથી સહુ મલી અને જાઓ ત્યાં હાં નહી તો પછી આ જનોઇ પહેરી છે તે નાંખી દો જો રજપુતાઇનું કામ હોતુ તો હમો જઇને કરતા આતો તમારૂ કામ છે ઉઠો જાવ શું બેસી રહ્યા છો પછે સર્વે ત્યાં જાય છે.

સંવત ૧૬૭૬ ના ફાગુન વદી ૧૪

શ્રીજીનો મથુરામાં પ્રવેશ : મથુરાનાં સર્વે વૈષ્ણવો સામા આવ્યા. સૌ કોઇ આવી દંડવત કર્યા ધર્મ રક્ષક જાણી જૈ જૈ નો બાઢે સ્વરે ઉચ્ચાર કર્યો. શ્રીજીએ કેશવ મારૂના બાગમાં ડેરા કર્યો અને સુર્ય કુન્ડ ઉપર પધાર્યા સાથે વૈષ્ણવો,

કૃષ્ણ પારેખ, સંઘજી બહોરા, ભાઇ ભવાન, મેઘજીભાઈ, મોહનદાસ, જીવરાજ ગાંધી, જેરામ ગાંધી, ઉદ્ધવ ત્રવાડી, નાગજીભાઇ, જેમલ ડોસી, વાસણા ગોકુલદાસ, ગાંધી ધર્મદાસ, નાલચંદભાઇ, જેરામભાઇ, જમનાદાસ, માહવદાસભાઇ આ સવે વૈષ્ણવો શ્રીજી પાસે ભરાઈ બેઠા છે ત્યારે શ્રીજીએ કહ્યું વેગે કરી જલ લઇ આવો, દામોદર-દાસ બહુત પ્યાસો હે, તાકો જલ તુમ પોવાઇ આવો શ્રીજીએ પોતે સ્પર્શ સ્નાન કર્યા વિના જલ લીધુ નથી પછે વૈષ્ણવો જલ લઇને બાગમાં જ્યાં દામોદર અસ્વસ્થ સુતો હતો ત્યાં જલ લઇને આવ્યા. તે દામોદરે જલ લીધુ નહી અને કહ્યું શ્રીજીએ જલપાન કર્યું નથી ને હું કેમ લઉ તે તેઓએ લીધુ નહી પછી સર્વે પાછા શ્રીજી પાસે આવ્યા ને કહ્યું જૈ રાજ રાજ એણે એમ કહ્યું શ્રીજી ચુપ થઇ ગયા કાંઈ બોલ્યા નહી.

સારાંસ : આ કસોટિ વૈષ્ણવોની લેવા પરમુખે ન્યાય કરવા આ લીલા આચરી હતી. સ્વામિ સેવકનો ધર્મ દરેક વૈષ્ણવોને બતાવ્યો છે. સર્વે વૈષ્ણવો જલપાન કરી પ્રસાદ લઈને આવેલા હતા તે દેખાડયુ છે કે ટેક અનન્યતા સરવાત્મ ભાવ દામોદરદાસનો જણાવવા સર્વે વૈષ્ણવો લજવાઇ નીચુ જોઇ રહ્યા અને તેની સરાહના કરી.

મથુરામાં શ્રીજીનો પ્રસંગ : કોઇ એક વૈષ્ણવના કંઠમાં માલા દેખી નહી ત્યારે શ્રીજી બોલ્યા કંઇથી માલા

લઈ આવો જ્યાંથી મલે ત્યાંથી લાવો. થોડી બહોત મલે તેટલી લાવો અને મને આપો ગામમાં લેવા ગયા તો આખા મથુરામાં હડતાલ હતી માલા મલે નહી જો કોઈ માલા વેચતો દેખે તો તેનુ ઘર લુંટી લેતા ને તેને મારતા પછી વૈષ્ણવોએ શ્રીજીનું નામ લઈને કહ્યું તે એક બંગાલીએ હા પાડી અને પ્રતિજ્ઞા કરાવી કે મારૂ નામ લેશો નહી પછી તેને આપી તે શ્રીજી કને લાવ્યા ને આપી તે શ્રી હસ્તે જેના જેના કંઠમા માલા દેખી નહી તેઓને પોતે પહેરાવી અને શીખામણુ દીધી કે તુમ સુખેન પહેરો ઓર કછુએ તુમ મતિ ડરો તુમતો હમારે પીછે હો સોચ કાહેકુ કરો નાહી સુખેનસુ નિડર નિસંકોચે પહેરો આ વાત સંન્યાસી સાંભળીને પ્રજલ્યો અને ક્રોધવસ કહેવા લાગ્યો કે આ જુગમાં મારો બોલ ઉપર થાવાનો નથી જેને ઉતારી તેને પાછી પહેરાવી ત્યારે.

કોટવાલે શ્રીજીને કહ્યું : ઉન બાબાજી પે ચલો.

જવાબ : મેં ચલુ નાહી. મેં આયો તેરી લાજકુ પછી કોટવાલ સંન્યાસીને કહે છે ગોકુલનાથ આયે હે જો તેરે કહેનો હોવે સો ઉનસે બાત કર ત્યારે.

સંન્યાસી કોટવાલને કહે છે : કુટિલ ખીજ્યો અને કહ્યું મેં તને કયારે કહ્યું હતું કે તું મારી પાસે એહોને લાવજે. એહોની માલા ઉતારવાનું કહ્યું હતું હવે એહોને સમજાવીને તું માલા ઉતાર મારી પાસે લાવીશ નાહી.

એના મનમાં કે બારોબાર કામ કરે પરંતુ શ્રીજીના સ્વરૂપનો પ્રતાપ બળ જોઇને સામુ જોવાની કોઇની હિંમત ચાલે નાહી શ્રીજીને દેખતાં જ તેની દુષ્ટતા ટળી જાય અને સન-મુખતા થાય કોટવાલ દિંગમૂઢ બની ગયો પછી કોટવાલ જેમ તેમ, શ્રીજી પાસે આવીને ઉભો રહ્યો અને જથારત વાત કરી સંન્યાસીનું માઠુ બોલવાં લાગ્યો ફરી કોટવાલ સંન્યાસી પાસે જાય છે સંન્યાસી કોટવાલને પુછે છે તેમની માલા ઉતરાવી કે નાહી ત્યારે કહે છે એમની માલા ઉતરાવ-વાની મારી કુદરત નથી હમ કોણુ જે ઈનકી માલા સામુ જોઈ શકીએ એ મહાપુરુષ છે. કોટવાલનું આવુ વચન સાંભળી સંન્યાસી પ્રજલ્યો ઘણું, પછી જાદવરાય કંબોં એ સંન્યાસીની ગુફા આગળ બાદશાહના હુકમથી ચોકી કરતો હતો તેને સંન્યાસી શ્રીજી પાસે મોકલે છે તેણે આવીને શ્રીજીને કહ્યું મહારાજ અતિ હઠ છોડીએ એક વાર ઈનકે કહે માલા ઉતારીએ જો ભલો ચાહો તો.

જવાબ : શ્રીજીએ તિરસ્કાર કરીને કહ્યું એસી મોહતે કછુ નાહી કાઢીએ. તુમ વેગ ઉનપે જાવ વે તુમેરો બુરો માનેંગે. હમારી કછુ મતી કહો હમ જાનેંગે સોઇ કરેંગે એ સાંભળી ખીસીઆઈને ચાલ્યો ગયો ફરો.

સંન્યાસી સકદારને મોકલે છે : નાથજી એક બેર તહાં પધારીએ જુઓ જે તે શું કહે છે વિનતી હમારી અવધારીએ.

શ્રીજીનો જવાબ : જે હમકો વે કાહા કહેંગે, પ્રગણા કમાયો નાહી હે. હમ ચોધરી નાહી હે કે જમી જોતી નાહી હે જો હમકો ઇનકો ડર લગે મેં ઉત્તર દેઉંગે દેશાધિપતિ પે જાય કે એ કોણ કુકર મેં ઉનકી પાસ જાઇ મેં આયો તેરી લાજકુ એ વિરકત હમ ગ્રહસ્થ હે વહાં હમ કોન કાજ જાવે એ કોણ કુકર જે હમારી માલા ઉતરાવે તે સમયે ગુણ સાગર કવી અને ગોકુલદાસ, રાય ગોપાલ આનંદદાસ, પદમસી શાહ, એહોએ પ્રભુના વચનનુ અનુમોદન કરી કહ્યું. હાં રાજ, હાં રાજ, એમ કહીને સત્ય, સત્ય એ કોણ જે રાજ શું કંઈ કહી શકે, ઉત્તર દઈશું વહ જાય કે પણ માલા કેમ ઉતારીએ એ કોણ જે રાજસુ કહે શકે શ્રીજી ગાઢ ઉચ્ચારે બોલતા હતા તે ચીદ્રુપ ગુફામાંથી સાંભળતો હતો એ સાંભળીને કહેવા લાગ્યો આ જુગમાં મારો બોલ ઉપર થાવાનો નથી ગોકુલનાથ કોઇનું માનેગા નહી એમ કરતાં નિસા થઈ પછી સંન્યાસી વચીષ્ઠને મોકલે છે જાવ સમજાવો.

વચીષ્ઠ પાંચજણ આવીને શ્રીજી સું કહે રાજ વિનતી હમારી માનીઓ એક બેર રાજ માલા ઉતારીએ પછી ગોકુલ જઈને પહેરજો.

જવાબ : શ્રીજી કહે ભઇ હે એસી જો આજ હમ એસી કરે.

વચનામૃત : કપટ ધર્મ હમારે હે નાહી જથારથ

હમ આચરે જો આદિ અંગીકૃત કરી દેસે અબ ઉતારીએ સત્ય સંકલ્પ ટેક હે હમારો ઉતારે નાહી ઉતારીએ મર્યાદા ભિરૂ અચલ વૃત ટેક હમારો મારગ રક્ષક ધર્મ ધુરંધર બોલીઆ યહ હે હમારો સત્ય સંકલ્પ માલા કબહુ ન ઉતારીએ.

વચીષ્ઠ : શ્રીજી શું કહે જો તમોએ મનમાં નિશ્ચય આપથી કર્યો છે પણ તમારા બાલક કુટુંબ સર્વે દુઃખ પામશે પાદશાહનો હુકમ છે ને સંન્યાસી હઠે ચઢયો છે રાજ એટલી વાતે એવડુ સુ છે એક વાર માલા ઉતારને કી હા કીજીએ.

જવાબ : શ્રીજી ધિર્યાધિપતિ એમ બોલીઆ ભગવદ ઇચ્છાથે હોની હોએગી. પે તુમ કહત હો એ બાત સો તો કબહુ ન હોએગી. માલા કબહુ હમ ન ઉતારીએ ન મુખસે કહે આપ એસી બાત મુખસે ન નીકાલીએ.

આ સાંભળી વચીષ્ટ ફરી ગયા, હવે કોટવાલ સંન્યાસીને કહે છે.

રાત પડી છે ગોકુલનાથજીને કહો વહાં ડેરા કરાવીએ.

સંન્યાસી કોટવાલને કહે છે ડેરાની વાત હું શું જાણું. જે લેઈ આવ્યો છે તે જાણે. હું શાને કહું ત્યારે ચતુરભુજ ચોબો બોલ્યો લાવનારો શું કરે આજ ડેરો કરશે હમારા ઘરે.

શ્રીજી ચતુરભુજ ચોબાને ઘરે પધાર્યા ચોબો કહે

રાજ રાજ ભલો ભલો ભાગ્ય હમારો સુફલ જન્મ થયો હમારો જે રાજ પધારી પાવન કર્યા હમને. ત્યારે સકદાર અને કોટવાલ બોલ્યા તમો રાખજો રાજ રીતસુ દુઃખ ન પાવે લગાર અને પાંચીયાને સાથે થયા પ્યાદાઓ પણ સાથે થયા ત્યારે ચોબાજી કહે વહાં તમારો કાહાકાજ હે જાઓ તમારૂ નથી હવે કાજ એ ચોબાએ કોરૂ વસ્ત્ર આપ્યુ કોરૂ પાત્ર આપ્યું પછી ઉષ્ણોદક જલે સ્નાન કર્યુ સ્નાન કરી સંધ્યા કરી તે સમયે નૌતન ધોતી જોઇએ તે હતી નહી તે ગામમાં જોયુ પણ કંઇ મલી નહી ગામમાં હડતાલ ધર્મ રક્ષકનો પક્ષ કરી કોઇએ દુકાનો ખોલી ન હતી પછી જેમ તેમ ખાસો મલમલ લાવી તેની ધોતી ઉપરણો અંગ વસ્ત્ર કર્યુ ત્યાં પદમસી શાહ શ્રીજીને પાઘ બંધાવા લાગ્યા તે શ્રીજીએ ના પાડીને કહ્યુ રોષમાં મેં પાઘ તબ બાંધુંગો જબ પાદશાહ પેં ચલુંગો તબ બાંધુંગો ત્યારે ઘણા ઘણા કાલાવાલા કરી જેમ તેમ પાઘ બંધાવી છે પછી સર્વે ભટ્ટોને પેંડા કરવા અપાવ્યા વૈષ્ણવોને કહ્યુ જાવ પ્રસાદ લો પોતે શ્રીજી તબકડીએ વારૂ કરવા પધાર્યા પછે આનંદ ભેર ઔષદ લઈને આનંદે પોઢીઆ નિંદ્રા કરીને જાગીઆ પછી રાત્રીના સર્વે સમાચાર અહીંના લઈને ગોકુલ શ્રી ગોપાલ પાસે મોકલ્યા. ગોકુલનુ વર્ણન રાત્રે સર્વે ક્લેશમાં વ્યતિત કરી કોઇને નિંદ્રા આવી નહી. પહેલે દીવસે જે જઈ શકયા નથી તે સવારે ઉઠી ઉઠીને મથુરા ચાલવા માંડયુ તે સઘળા મથુરા આવી શ્રીમુખ જોઈ પ્રસન્ન થયા શ્રીજીની પ્રસન્નતાએ

સર્વેનું સમાધાન કર્યું. પ્રાતઃ શ્રીજીએ પાત્ર ગડુઆ લઈને મુક્તાસમાં દંત ધાવન કરવા જણાવ્યુ ત્યારે વૈષ્ણવોએ બહાર જવા ના પાડી રાજ હમને અવિશ્વાસ આવે છે પેલો રખે કંઈ જંજાળ ઉભી કરે માટે રાજ અમે અહીં જ દંત ધાવન કરીએ અમને ભય ઉપજે છે ત્યારે શ્રીજી બોલ્યા એ હમારો કાહા કરેંગે, આપ ભય હરણ ભકતાશય નિસંકોચે બાહેર દંત ધાવન કો પધાર્યા એ ભૂમિનુ ભાગ્ય વિશદ થાયે નહી. જયાં દંત ધાવન કર્યું ત્યાંની મૃતિકાએ ભૂમિની સર્વ કોને પહાંચી નહી એ ભૂમીની રજનું ચર્ણામૃત લેવા અનંત ભીડ જાુડી હતી તે પણ ચર્ણામૃત સર્વને પહાંચ્યુ નહી એટલી સમૃદ્ધ ધર્મ માટે જાુડી હતી પછી આપ ડેરે પધાર્યા.

સંન્યાસીએ ત્રીજીવાર વચીષ્ઠને પાછા મોકલ્યા જઇને જાવ સમજાવીને શ્યામ, દામ, દંડ, ભેદે કરીને કહો તે શ્રીજીને કહેવા લાગ્યા ત્યારે.

કૃષ્ણરાય ભાણેજ : પોતાના ભાવ બળે વાત્સલ્યતા વિચારીને હીત સમજી શ્રીજીને કહે છે હજુ આપે વિચાર મનનો કર્યો છે અને ફરી વિચારી જુઓ આ સાંભળી શ્રીજી તડકીને બોલ્યા કહો તુમ કાહા કરવાવત હો આજથી એસી બાત હમસુ આયકે કોઉ મતિ કરો જો ડરો સો અપને ઘરે જાવ અપને યહાં કોઉ મતિ રહો જાવ.

મધ્યવર્તિ વચીષ્ટ : શ્રીજીને કહી કહીને હાર્યા

પછી સંન્યાસી કને જાય છે અને કહે છે કે હમો હાર્યા હમારૂ અપમાન થયુ છે ગોકુલનાથજી એ કબહુ મલા ઉતારેંગે નાહી કોઉ કીતનો હું બળ કરેંગે વે માલા ઉતારેંગે નાહી.

સંન્યાસી કહે છે : હજુ એકવાર જઈને જુઓ માલા ઉતારતે હે કે નાહી જો એટલુ કહે માલા જો નહી ઉતારે તો હું મારા મન માનતુ કરીશ જુઓ શું કહે છે પછી હાકમને કહીને જબરન માલા ઉતરાવીશ.

ચોથીવાર વચીષ્ઢ : શ્રીજી કને આવે છે રાજ મહારાજ સંન્યાસી હઠે ચઢયો છે જૈ મહારાજ વાત ગળે લાગી છે તો એકવાર કહો જે નહી પહેરીએ અને તેનુ માન રાખીએ કુદંડી ઘણું જ કોપાયમાન થયો છે આ છેલ્લી વાર કહાવ્યું છે એકવાર મુખ થકી કહો કે નહી પહેરીએ ઉતારીસુ આ વાત માધવદાસ ખવાસે સાંભળી સર્વે વૈષ્ણવો ઘણું જ અકુલાયા ત્યારે.

શ્રીજી વૈષ્ણુવોને સંબોધે છે : ધીરજ ધરો અરે તુમ આગે તે આગે કયું અકુલાત હો, મોહીસુ કોઇ કછુ કહે ત્યારે જાનીએ સો કીજીઓ દેખો જો ઈચ્છા કેસી હે ચિંતા નાહી તુમ સબ ધિરજ ધરો ઓર ધર્મથે ટલો નાહી તુમ નાહીલો કોઉ બોલો મતી ધીરજ રાખી રહો આ રીતે શ્રીજી વૈષ્ણુવોનું સમાધાન કરે છે.

વાચષ્ઠ મધ્યવર્તિ પાછા જાય છે. જે વીચારથી આવ્યા હતા તે મનનું મનમાં રહી ગયું કાંઇ બોલી શકયા નહી એવો પ્રતાપ ઉગ્ર દેખીને વચીષ્ઠ કાંપવા લાગ્યા તે સંન્યાસીને કહેવા લાગ્યા ઉતપાત હમણાં વિપરીત થશે તું તેનો ઉત્તર લઈને શું કરીશ.

રાય દુર્ગાદાસ કાયસ્થ એ હરિવંસજીનો સેવક તે નૂર મહોલનો દિવાન અને દેશાધિપતીના હાથીનો અધિષ્ઠાતા પાલખીએ બેસી શ્રીજીને ડેરે આવ્યો તે વેગળેથી પાલખી-એથી ઉતરી પાલો થઈને આવતો હતો ત્યારે શ્રીજી બોલ્યા અરે દુર્ગાદાસ પાલા કયુ આવત હો બેઠકે આઓ ત્યારે કહે આપ તો કહત હો મેરે લીએ પે મેં આપકે ચરણુ સમીપ કેસે આઉં અબ હમ આપકે અરૂ આપ હમેરે ભયે વહાં આ દુર્ગાદાસ બેઠે હતે વહાં શ્રીજીના વૈષ્ણુવો દેખીને શ્રીજીને કહ્યું રાજ રાજ આટલા બધાને આપ સાથે કાયકુ લાયે યહાં તો પચાસ મનુષ્ય સુ જયાદા આવન નાહી દે તહે તો રાજ એ કોણુ છે ત્યારે શ્રીજીએ ઉત્તર આપ્યો એ હમારે ગુજરાતી વૈષ્ણુવ હે રાજે ઇતનો ખર્ચ કીનો ત્યારે એ ખર્ચ અપનો ખાકે આયે હે શ્રીજી કહત હે એ વિશુદ્ધ અંતઃકરણુ ગુજરાતી જેસો હમારો કોઉ પરદેશી નૈષ્ઠીક હોત નાહી ગુજરાતી એકા ટુકડો લેત નાહી હે સોનાલ સુદ્ધ હે પેં પરદેશી માલ શુદ્ધ નાહી આરસી અરૂતવા નાહી તારતમ્ય

[illegible] તેના [illegible] ગોકુળનાથ [illegible] ગુજરાતી [illegible]

[illegible] પ્રભુની સ્તુતી કરવા લાગ્યો. [illegible] શ્રીજી [illegible] પ્રભુ પ્રસન્ન [illegible] શ્રી ગોકુળ [illegible] શ્રીગોકુળના [illegible] મનોરથ [illegible] શ્રીમહાપ્રભુજી [illegible]

એવામાં બાદશાહના ઉમરાવ ખુદાબક્ષખાન [illegible] એક દિવસ [illegible] સર્વ વૈષ્ણવો તેની પાસે ગયા ત્યારે તેને પૂછ્યું કે ગોકુળ ગામનો ધણી કોણ છે ત્યારે સર્વ વૈષ્ણવોએ કહ્યું કે ગોકુળ ગામનો ધણી શ્રી ગોકુળનાથ છે ત્યારે ખાન

[illegible] શ્રી ગોકુળનાથ [illegible] પોતાના [illegible] આશીર્વાદ [illegible] શ્રીકૃષ્ણ [illegible] આશીર્વાદ દીધો તેને [illegible] કહેવા લાગ્યો. [illegible]

તુમ [illegible] તુમ ભલી કરી પાદશાહને એક મહંત [illegible] ઇનકી [illegible] તુમહારી રાખ સકો [illegible] વર્ષ [illegible] વિઠ્ઠલનાથ કે બેટામેં તુમ [illegible] વર્ષ કી બાતમેં [illegible] હિંદુસ્થાન [illegible] જહાંગીર બાદ- [illegible] ઐસો કોઈ નાહી [illegible] ઈશ્વર ચાહે સો કરો ન જાનીએ [illegible] તુમ ઈશ્વર [illegible] એમ કહીને સ્તુતી [illegible] આપનો આવનો ભયો [illegible] વીદાય થઈ [illegible] વિદાય થાય છે શ્રીજી [illegible]

શ્રીજી દોલત નગર પધાર્યા ત્યારે ત્યાંહાં પત્ર તાપી. પુરથી શ્રીજીને વૈષ્ણુવોએ કુશલ સમાચાર લેવા માણસ મોકલ્યો હતો તે ત્યાં રસ્તામાં મલ્યો. વૈષ્ણુવોની વીનતીનું પત્ર વાંચીને કહે હમારે વૈષ્ણવને કુશલ સમાચાર લેનેકુ મનુષ્ય પાઠવ્યો તેમાં શ્યામદાસના હસ્તાક્ષર હતા તે જાણી શ્રીજી પ્રસન્ન થયા. ફેરી કાસદને સમાચાર શ્રીજી પુછે છે કે વહાં કીનને સમાચાર મોકલ્યા કેમ જાણ્યું ત્યારે કાસદ કહે છે રાજ આગરેથી લસ્કરખાનનું લખ્યું આવ્યું કે શ્રી ગોકુલથી શ્રીગોકુલનાથજી માલાકે લીએ કશમીર પધારેલા છે આ સમાચાર સાંભળી સર્વે વૈષ્ણુવોને ઘણો જ કલેશ થયો છે અને મને કુશલ સમાચાર વેગે લાવવા દીવસ બંધેજ કરીને મોકલ્યો છે તો રાજ આમ વેગે પત્ર લખી આપો તો હમને બહોત ઇનામ મલશે ત્યારે શ્રીજી શ્રીહસ્તે પત્ર લખે છે તેની નકલ

પત્ર

સ્વસ્ત શ્રી વલ્લભાનાં ત્રીકમદાસ વેણીદાસ કૃષ્ણદાસ તારાશેઠ શેઠ શ્યામદાસ પ્રભુતિ શુભ સ્વાશિસઃ શમીહ ભાવ ક્ષમા શાસ્મહે અપરંચ લખ્યું વૃજાધિશ સદા શ્રીકૃષ્ણ સ્મ-ર્તવ્ય કિંચહ હમ અપને સુધર્મ સહીત જથારથ જે કછુ હુલો વગતવ્ય શો ઉત્તર કહી વિહિત સો ઉત્તર કરીકે અતિ સનમાન સું ફીરી હમ આયે હે હમારી દીશા થેં કોઉ ભાન્તનકી ચિંતા તુમ મતિ કરો એક અંશ અણું માત્ર

ચિંતા મતિ કરીઓ અપની ઓર પ્રસન્ન
ક્બહુ તુમ કછુ ચિંતા મતિ કરીઓ અપની ઓર પ્રસન્ન
ક્બહુ તુમ કછુ ધીરજ ધરિઓ તુમ્હારે પત્ર તેં અતિ સુખ
હોય કે મનમાં ધીરજ ધરિઓ તુમ્હારે પત્ર તેં અતિ સુખ

ક્બહુ તુમ કછુ ચિંતા મતિ કરીઓ અપની ઓર પ્રસન્ન હોય કે મનમાં ધીરજ ધરિઓ તુમ્હારે પત્ર તેં અતિ સુખ પાયો કિમધિકં સંતોષ પત્ર પ્રસાદ આપીને વિદાય કર્યો તે વેગે તાપીપુર જઈ પહોંચ્યો ત્યાં થયો આનંદ આનંદે ઉત્સવ.

શ્રીજી નરેલીથી શ્રીમદ ગોકુલ જે તો પહોરીઆને વધાઇ લઈને પત્ર લખે છે

તે પત્ર કારતક વદી ૧૦ વૃજની ગુજરાતી આસો વદી દસમીએ તે પત્ર શ્રીમદ ગોકુલ આવ્યું તે સુણી ગોકુલસ્થ વૈષ્ણુવોને જેમ ચંદ્રમાના ઉદયથી કમલ પ્રફુલીત થાય છે તેમ એહોનાં સર્વે અંગ પ્રફુલીત થયાં જેમ સુર્યના ઉદયથી અનેક કુમુદની ફુલે છે તેમ સર્વત્ર આનંદ આનંદ થઈ થઇ ગયુ તે પત્ર શ્રી ગોપાલ વિઠલરાયજી વધાઈઆએ આપ્યુ અને કુશળ સમાચાર પૂછી ઉચીત વધાઇ આપી સંતોષ્યો વહુજી મંદીરે ભીડ ભરાઇ તે પુછે છે સમાચાર વહુજી કહે જાઓ શ્રી ગોપાલજી પત્ર પઢત હે વહાં સમા-ચાર વૃતાંત સાંભળો પછી સર્વે મલી શ્રી ગોપાલજીને ત્યાં પત્ર પઢત હે વહાં ગયા.

હવે નરેલીથી શ્રી મહાપ્રભુ નંદીશ્વર થઇને શ્રી ગોવર્ધન પધારે છે આસો વદી ૧૧ ને બુધવારે શ્રીજી ગોવર્ધન પધારી તરત જ શ્રીમદ ગોકુલ પધારે છે. રાત્ર ઘડી ૭ પાછલીએ શ્રીજી ગોવર્ધન પધાર્યા તે પાધરા તલેટીએ

પધાર્યા વૈષ્ણવ ભીતરીઆ સર્વે આવીને દંડવત કર્યા ત્યારે શ્રીજીએ કહ્યું નાહ લઈએ નાહ કે વેગ ભિતર જઈએ ત્યારે ત્યાંહાં બ્રહ્મચારીએ કહ્યું નાહ કે કાહા કરેંગે નાતણી થઇ છે ગોપીનાથજીને ઘરે માટે પિંડરૂ છે મહારાજ વેગ નાહ્યાનું સું છે કાજ એ સાંભળીને શ્રીજીને ખેદ ઉત્પન્ન થયો અને વ્યંગ વચને કહ્યું બ્રહ્મચારી કો ઉપકાર હે વલતાં શ્રીજી પાધરા પરવત ઉપર પધાર્યા લક્ષ્મીદાસ ભિતરીએ લાડણભાઇને કહ્યું કે શંખનાદ કરાવો ત્યારે લાડણભાઇ કહે છે હજુ સવાર છે ત્યારે લક્ષ્મીદાસે કહ્યું તું બડો ગમાર છે ફીટ ભુંડા હું જાણતો હતો કે તું કંઈ જાણુત હે પણ તું મુરખ તેને કાંઇ જાણ્યું નાહી સહેજે જ્યારે શ્રીજી ગોવર્ધન પધારે છે ત્યારે શ્રીનાથજી કયાં સુધિ સામા મલવા જાય છે અને આજ એ ધર્મનો દિગ-વિજય કરી પધાર્યા છે તો તે સુ પોઢી રહ્યા હશે એ તો કંઈ લગીતો સામા પધાર્યા હશે ત્યારે લાડણભાઈ કહે છે હું તો કહુ છુ મારગ રીત તુ નાથજીને સુ જગાડસે ત્યારે લાડણભાઇએ શંખનાદ કર્યો તે શ્રી મહાપ્રભુ પાધરાજ ઉપર પધાર્યા શ્રીનાથજી ઉભય પ્રસન્ન થયા શ્રીજીથી વિદાય માગી આપ શ્રીજી ગોકુલ વિજય કરે છે તે સર્વે સામા ગોકુલથી લેવા પધારે છે તે કોઇ અડીંગકો જનસ્તીકો નગરે કોઉ સમાજકો અડુકી કો રાજડગરે એમ અનંત સમાજ સામો ગયો શ્રી ગોપાલ વિઠ્ઠલરાયજી પારને ખરી કે મલ્યા નમાવ્યું સીસ શ્રીજીએ છાતીસું ચાંપીને લીધા.

સર્વનાં સમાધાન કરી વારતા કરતા કરતા શ્રીજી મંદિરે પધાર્યાં. એણી પેરે રસે રાજતાં તે પધારે છે શ્રી ગોકુલનો ધણી ત્યાંહાં કવિ અને ગુણી જણ ભાટ બ્રાહ્મણોએ ઉચ્ચ સ્વરે આશીર્વાદ દઇને શ્લોક ભણીને વેદ પારાંગ વેદ ભણી અભિષેક અક્ષતે કરી સતાયુર્ભવ શતં જીવો ઉચ્ચરી એમ કહી આચાર સહીત પ્રચાર કીધો ધર્મનો શ્રીવલ્લભવર જુગ જુગ રાજ કરો. તે મનસા વાચા કર્મણાએ કહી અસ્તુઃ અસ્તુ શુભમસ્તુ અંતર અનુમોદને કરી સર્વે આશીષ દે છે. શ્રીજી વાજતે ગાજતે ગડગડતે નિશાનની ગર્જના તે ગગને ગઈ ટંકાર સુણી ત્રીદસ પતિ તે રહ્યો આશ્ચર્યમય આ અલૌકીક આનંદ જોવા દેવ વૈકુંઠ ગર્વ રહીત વિમાને બેસી આ આનંદ જોઈ કહે અવની ઉપર અવતર્યા હોત તો એ આનદ અવિલોકવા હમો અભાગી ભાગ્યહીન છીએ જે એ આનંદ કયાં છે એવે ઉત્સાહે ભર્યો શ્રી ગોકુલનાથજી રાજભોગ ઉપરાન્ત અનઅવસરે પધારી આ નાથજી મંદીરે પછી વહુજી મંદીરે પધાર્યા વહુજી વહુ બેટીઓ સાથે આનંદે ઉભર્યા.

અખિલ ગોપીનું આધિ દૈવક સ્વરૂપ જે ગોપદેવી અને અતિ સુખદ પ્રાણમતીજી રમઝમ રમઝમ કરતાં આવી શ્રીજીના ચરણે નમ્યાં તેમના માથે હાથ મુકી શ્રી હસ્તે કરી ઉઠાવી કુશળ સમાચાર પુછ્યા નીકે હોની કેહો રોહીણીજી આવીને દંડવત કર્યાં શ્રી હસ્તે લઈ ગોદ કર્યા. પ્રેમ સહીત માથે હાથ ફેરવ્યો નીકી હે તુ રોહીણી કરી સનમાન

કર્યું એમ સમાધાન કરી નીજ મંદીરે આવી ગાદી સુઢે બિરાજ્યા પછી દીપમાલીકા, કાન જગાવી અન્નકુટ પુરી ભોગ ધરી પછી કુજવડો શ્રીજી સ્થલાંતરનો વિચાર કરી મહુરત જોવડાવ્યું તે કારતક સુદી ૫ નું આવ્યું તે અહીંથી બ્રહ્માંડ ઘાટે પ્રથમ મુકામ કરે છે.

સંવત ૧૬૭૮ ના કારતક સુદી ૫ શુક્રવારે શ્રીમદ ગોકુલથી પ્રસ્થાન કર્યું. પ્રથમ મુકામ બ્રહ્માંડ ઘાટે જઇ પ્રસ્થાન કરી શ્રીજી શ્રીમદ ગોકુલ આવીને કારતક સુદી ૧૧ પ્રબોધનો ઉત્સવ કરી શ્રીનાથજીની સુખપાલ સાથે વાજતે ગાજતે બ્રહ્માંડ ઘાટ પધાર્યાં ત્યાં સેવ્ય સ્વરૂપને રાજભોગ સેનભોગ બન્ને ભોગ ધરી બીજે દીવસે વિચાર કરે છે કે કશ્મીરથી બનારસનું લખાણ ફેરવી સોરમનું કરવા અનંતદાસ મુક્યા હતા તે વિલંબ થયો તેનું કારણ જણાવે છે કે બાદશાહ જહાંગીર મૃગયામાં ગયો હતો તે ત્યાંથી પાછા ફરીને આવ્યા ત્યારે આસફખાનને પૂછ્યું કે ગોકુલનાથ ગુંસાઇ કહાં હે આસફખાન કહે છે વે તો ત્યાં દીના ગોકુલ કે લીએ ચલે ત્યારે ભૂપ બોલ્યો હમકુ મીલે વિના કયુ ચલે તો હમ પર ગુસ્સે હો કરતો નાહી ચલે ત્યારે આસફખાન કહે કોન બાત પર ગુસ્સે હોવે ઉનકુ ધર્મહી કી લાજ હે સો રહ્યો ભયો સબ ઈનકો કહ્યો પે એક બાત પર દીલગીર હોકે ચલે હે તુમોએ કહ્યો બનારસ રહો અરૂ લીખ દો વહાં જાનો ઉનકુ ભાવત નાહી ફીર સંન્યાસી વહાં ઝંઝટ ઉઠાવેંગો તાતે તુમ કહા તો સોરમ જાય રહે ત્યારે ભૂપ બોલ્યો

લીખ દો સોરમ જાય રહે તાસમે આમ સભામાં ફીદાઈખાન બોલ્યાજી આલમપનાહને ધર્મકુ લીખ દીઆ ધર્મસુ કાજ હે ત્યારે ત્યાંહાં આજમખાન બોલ્યા પાદશાહ એક બેર હમે સુની હે કે કાહાનકા પ્રાગટય હુઆ થા પાંડવોકા રાજમેં અરૂ દીક્ષીતજીકા પ્રાગટય હુઆ હે આપકા રાજ મે હિંદુકા ધર્મ બડા બહોત સો પુરાણ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ હે સોતો પ્રત્યક્ષ દેખા શ્રીગોકુલનાથજીને સંપતી ગીણી નાહી ધર્મકે લીએ સબ છોડ દીઆ પછી સોરમ વાસનુ લખીને અનંતદાસને આપ્યું અને પ્રથમનું બનારસ વાસનુ લખી આપેલુ શ્રીજીના હસ્તાક્ષરનું પાછુ માગ્યું તે સારંગદે પાસે હતુ તે આપે નહી તે આસફખાને ઝટકીને અપાવ્યું. આ કારણે શ્રીજી સાત દીવસ ગોકુલમાં અને વીસ દીવસ બ્રહ્માંડઘાટ બીરાજ્યા સતાવીસ દીવસ કશમીરના લખાણની રાહ જોવા રોકાયા હતા, પછી આપ સોરમ પ્રસ્થાન માગસર સુદી બીજને ગુરૂવારે પ્રસ્થાન કર્યું.

બ્રહ્માંડઘાટથી સોરમ પ્રસ્થાન સંવત ૧૬૭૮ ના માગસર સુદી બીજ ગુરૂવાર. માહાવનના જૈરામ રતને વિનંતી કરી જૈ મહારાજ શ્રી ગોકુલને છાંડી જાત હો સો હમકુ લાજ આવત હે હમો સા કાજના જો રાજને કાજ ન આવે.

શ્રી મુખનું વચનામૃત :

હમ શ્રી ગોકુલ છાંડે કબહુ નાહી અરૂ શ્રી ગોકુલ કબહુ ન છાંડે હમકુ શ્રી ગોકુલ ત્યાંહાં હમ રહે અરૂ

ગોકુલ રહે નહી હમ વિના હમ ગોકુલકે અરૂ હમારો
ગોકુલ પ્રતી પ્રીતી બઢતી દીન પ્રતી હરિભાઈનુ કવિત
હમ ગોકુલકે અરૂ હમારો ઇ ગોકુલ ગોકુલનાથજીને
સું કહ્યો.

વચનામૃત : રસ્તામાં જતાં આપરાનો જાટ ગડુઓ ડકેત તે જવારના તલાવની પાળે મલ્યો તેની સાથે અગીઆર મનુષ્ય મઈ હથીઆરથી ઘોડે સ્વાર હતા તે શ્રીજીને નીલે ઘોડેસ્વાર થયેલા દુરથી દીઠા તે ગડુઓ જાટ સરદાર તરત જ ઘોડેથી ઉતરીને દંડવત કરતો કરતો આવ્યો ત્યારે શ્રીજીએ હસીને કહ્યું અરે ગડુઆ તુ સું મતિ જાણે કે હમ સંકટ પડે હે સો જાત હે હમ હમારી ઇચ્છાથે સોરમ જાત હે પેં હમારો કોઉ આવે જાવે તાકો કછુ એ મતી લીજીઓ ત્યારે ગડુઓ જાટ કહે છે આપ તો ઇશ્વર હો એવુ કરૂ તો જગદીશ મારૂ ભલુ કેમ કરે ત્યારે શ્રીજી બોલ્યા વચનામૃત.

બ્રાહ્મણથી તો બચીઓ કોઉ હમકો બ્રાહ્મણ કહત હે કોઉ ગુરૂ કરી જાણત હે કોઉ પુજારી કરી જાણત હે કોઉ હમકો મહંત કરકે જાણત હે એસે સબ કોઉ કહત હે.

વચનામૃત શિક્ષાર્થે

રતનપોરથી વીજય કરી ચોથે દીન પંચમીએ ત્રીજી

મજલે અકબર પોર પોધાર્યા ત્યાંહાં ચંદ્રતાલ તલાવ ઉપર ડેરા કર્યો ત્યાં રંગાબાઈ ભંડારણે રાજભોગ અને સેનભોગ બન્ને ભોગ એકઠા જાણી સેન ભોગના ચાવલ ઓછા નેગમાં આપ્યા તે શ્રી વહુજીએ જાણ્યું તે શ્રીજીને આવીને કહ્યું તે શ્રીજીએ રીસ કરીને રંગાબાઈ પ્રતિ શ્રી ગોપાલને કહ્યું એ હરામ જાદીકો કુજાતકો તુમ અપને ઘરમેથી દુર કરો નેગ નૂન્ય કરનો કાહા એવી કૃત્ય આચરી પછી શ્રી ગોપાલે રંગાબાઇને શીક્ષા કરી કહ્યું કે આજ પાછે એસો મતિ કીજીઓ પછી શ્રી ગોપાલે શ્રીજીને વિનંતી કરી જે રાજને શરણે આઈ હે તો કાં જાવે રાજ પછી રંગાબાઈ પાસે કહેવરાવ્યું કે આજથી એસી હું નેગ નૂન્ય નહી કરૂ ક્ષમા આપો કહીને રાખી.

સોરમ પ્રવેશ માગસર સુદી ૬ ને વાર સોમવાર પ્રહર દોઢ ચઢતે. શ્રીજીએ જોયું તો જલનો સંકોચ દીઠો પછી આપ ઘોડો ચલાવી દક્ષણ ભાગે અમરાઈનું વન દીઠું ઘણું સુંદર રમ્ય સ્થળ હતુ તે જોઈને શ્રીજી કહે વચમાં ગંગાજી જાવાની વાટ નથી એક મોટો દુર્ઘટ કરાડો દેખ્યો તે શ્રીજીએ કહ્યું આ કહાડો ગંગાજીમાં ઠાર દો તો જવા આવવાની સુંદર વાટ થાય એટલું કહેતામાં તો સેંકડો મનુષ્ય લાગી તરતજ ગંગાજીમાં જવાનો સુંદર રસ્તો કર્યો તે જોઈ શ્રીજી પ્રસન્ન થયા અને તે ઘાટનું નામ ગોકુલઘાટ રાખ્યું અને વૈષ્ણવોએ ઘાટને વલ્લભઘાટ કહીને બોલાવતા હતા તે અદ્યાપી પર્યન્ત તે નામથી જ બોલાય છે. ઘરાં ભંડાર

રસોઈઘર સર્વે સીદ્ધ થયાં. સોરમવાસનું કારણ શ્રીમુખે વચનામૃત કરી જણાવેલ છે.

૧. પ્રલય વખતે ભૂમિ રસાતાળ જવાથી વરાહ અવતાર લઈને દાઢી ઉપર પૃથ્વી લાવીને આ સ્થળે મુકેલી હતી આ વારાહ ક્ષેત્રનુ મહાત્તમ માગસર સુદી ૧૧ નો મોટો મેળો આજ પર્યંત ભરાય છે એ ક્ષેત્રનું માહાત્તમ પ્રગટ કરેલ છે.

૨. સગરના વંશનો ઉદ્ધાર કરવા

૩. ગંગાજીને સંગમ રસ દાન કરી વિરહ તૃપ્ત હતાં તે ટાળવાને શ્રી યમુનાજીને વિરહ હતો નહી તે વીરહ ઉત્પન્ન કરાવવા સંપતિજનક દોષ નિવૃતવા

૪. ગંગાજીનું માહાત્તમ પ્રગટ કરવા તેમને શીશીમાંથી લોટીમાંથી ભરી ગંગા પૂજન કરવા પધારેલ છે

આ ચારે કારણનું વીગતથી સમજાવી સમાધાન શ્રીજીએ કરેલ છે તે ગૂઢ રહસ્ય ભાવને પોતે પ્રગટ કરી જણાવેલ છે

જે પોતાનું લીલા ભાંડ ભૂમિ તે વરાહ અવતારનો સત્કાર કરેલ છે. ગંગાજીનો ઉતકૃષ્ટ શાસ્રોમાં પુરાણોમાં પ્રસિદ્ધ હતો પરંતુ પોતે સોરમ પધારી સીદ્ધ કરેલ છે.

શ્રી આચાર્યજીએ અન્ય સંબંધ સંગજ નિત કહ્યો છે પણ શુદ્ધ રસાત્મક પુરૂસોતમ સંગજ નિત કોઈપણ જગ્યાએ

કહ્યો નથી તે શ્રી આચાર્યજીએ શ્રી યમુનાષ્ટકમાં પ્રગટ કરી જણાવેલ છે "મુર રિપુ પ્રિય ભાવુકા" પરંતુ એમ નથી પ્રગટ કહેલું કે કોણ સ્થળે પ્રિય હતાં એ ગુપ્ત હતુ તે શ્રી ગોકુલનાથજીએ સોરમ પધારીને બતાવ્યું છે અહીં સોરમમાં આ સ્થળે ગંગાજી સ્વતંત્ર છે માટે તે કાંઇ રાખી છે પ્રાગમાં ગંગાજી ત્રીવેણી કુલે પ્રાગટય થયું પણ ત્યાંહાં સંગમાં હતા અને રસનુ કાજ એકાન્ત વિના સીદ્ધ થતુ નથી અન્ય મલે રસભંગ થાય માટે શ્રી આચાર્યજીએ પ્રમેય હીતે ગુપ્ત લખ્યું છે તે આ પ્રાગટયે સીદ્ધ પ્રમાણ કરી સોરમવાસ કરી બતાવેલ છે ત્રીજી કારણ શ્રી યમુનાજીને વિપ્રયોગ પ્રગટાવવા પ્રથમ રાઈબાઈ સાથે શ્રીજીને વિનંતી ગંગાજીએ કરાવેલી હતી પરંતુ શ્રીયમુનાજી સંગમાં હતા તે શ્રી યમુનાજીને વિપ્રયોગ કરાવવા સોરમ પધાર્યા તેમને ખંડિતા ઉત્કંઠાના રસનો અનુભવ હતો નહી જેથી સપતિકજનક દોષ નિવૃત કરવા જણાવેલ છે આ રીતે શ્રી ગોકુલનાથજી સોરમમાં ત્રણ મહિનાને ચૌદ દીવસ બિરાજ્યા છે તે હેમંતરૂતુ અને શરદરૂતુનો અંગીકાર કરેલ છે અને પોતાનો જન્મ ઉત્સવ માહા ઉત્સવ પણ ત્યાં જ કર્યો છે આનંદે કલ્લોલ કરતા બિરાજે છે.

ચીદ્રુપનું સોરમના ભોંમિઆ ઉપર લખાણુ :

શ્રી ગોકુલનાથ ગુંસાઈ પાદશાહથી રીસ કરી ભાગીને ત્યાં આવેલા છે તો તુ તારી જાગીરમાં તેમને રમવા

દઈશ નહી. અને તારા ગામમાંથી તું તેમને કોઈ સીધુ સામગ્રી આપે નહી એવી દાંડી પીટાવી દે અને રહેવા દઇશ નહી. આટલુ કહે નહી માનો તો તમો જાણોને પાદશાહ જાણે. એ હઠીલો ઠાકોર હે કોઇનું માનતા નથી. તારી તું જાણે. પત્ર વાંચી પછી શ્રી ગોકુલનાથજીને કહેવા હાથી ઉપર બેસીને આવ્યો ગુંસાઇ તુમ જાય કે કછુ ઓર ડામ રહો. મને સંન્યાસીએ સમાચાર મોકલ્યા છે રહેવા મતી દીજે.

શ્રીજીનો ઉત્તર : તેરે કહે હમ જાએંગે નહી. જા તને દેખે સો કર. હમ યહાં તે જાએંગે નાહી. હમ પાદશાહકે કહેને પર હમ યહાં આયે હે સંન્યાસીકે કહેને પર હમ યહાં આયે નાહી હે યહાંઇ રહેગે તેરે જો કરનો હોવે સો તું કર લે. પેં હમેરા ડેરા યહાંસે ઉઠેંગો નાહી આ સાંભળી ચાલ્યો ગયો.

એવામાં કશ્મીરથી અનંતદાસ સોરમવાસનું લખાણ કરાવી લાવ્યા અને કશ્મીરનું લખાણ પાછું લાવ્યો તે સમાચાર આગ્રા લસ્કરખાનને મોકલાવી આપ્યું. શ્રીજી આનંદ કલ્લોલ કરે છે. સોરમમાં વાસ નિસંકોચ નિર્ભયપણે સર્વે સમાજ સહીત બીરાજે છે.

ત્યાં માઘ સ્નાન કરવા એક દીવસે કલ્યાણરાયની બેટી પદમાવતીજી અને ગોપીકાંત ભટ્ટની બેટી ભાગીરથી એ બન્ને નણંદ ભોજાઇ થાય તે માઘ સ્નાન કરવા જતાં હતાં.

ત્યારે શ્રી ગોપાલ બોલ્યા અરે લાલી બેટી કહાં જાત હો ત્યારે કહ્યું વરાહજીકે ચર્ણ નીચે ગંગાજી વહત હે તેથી ત્યાં સ્નાન કરનેકુ જાત હે ત્યારે શ્રી ગોપાલ બોલ્યાં યહાં શ્રી ગોકુલ કે પ્રભુ સાક્ષાત રસમય પુરુષોતમ બીરાજતં હે તાકે ચર્ણારબીંદ તલે ગંગાજી વહત હે એસી અદભુતં વસ્તુ કાહું મીલે નાંહી વહાં કાયકુ જાત હો માઘ સ્નાન કરો તો યહાંઈ કરો એવા એ શ્રી ગોપાલ સ્વકીયોને સર્વાત્મ ભાવનું દાન કરાવી અન્ય આવર્ણ અન્યાશ્રયનાં દૂર કરાવી સ્વરૂપાનંદનું દાન કરે છે. ઉત્તમ સંગથે પાઈએ પ્રીય મીલાપ એક દીવસે શ્રીજી સેવા મંદીર પાછલો ચાર ઘડી દીવસે કભાય પહેરી ફરગુલ ઓઢો શ્રી હસ્તમાં છડી લેઈ સ્કંધે ઉપરણો હમેલ અને મસ્તકે ટેઢો પાઘ બાંધીને ઉભાં હતા ત્યાં બીહારી કવીએ કવીત કર્યું.

કવિતઃકાલ હી ગોકુલ ફીર બસેંગે ગોકુલનાથ ગુંસાઈ,

આ કવીત સાંભળી ઘણું જ પ્રસન્ન થયા અને વાગો પહેરાવ્યો એક ઘોડો આપ્યો અને દસ રૂપીઆ વરખાસન ચાલુ કર્યું શ્રી ગોકુલ વસવાનો ઉત્સાહ વૈષ્ણવજનને બતાવ્યો છે. આપ તો ભૂત ભવિષ્ય વર્તમાનના જાણવાવાળા છો આવી રીતે આનંદે પોતાના સેવ્ય સ્વરૂપને આનંદભર સાંધા અબીલગુલાલથી નીત્ય ખેલાવે છે અને આનંદ કલ્લોલ કરે છે એવામાં.

બાદશાહ જહાંગીર કશ્મીરથી આગ્રા પ્રસ્થાન કરે છે તે પ્રસંગ :

જ્યારે બાદશાહ સોરણપુર આવ્યો ત્યારે પેટમાં દુઃખવા આવ્યું ત્યારે ઘણું કષ્ટ પામવા લાગ્યો ત્યારે બેગમ નૂરમોહલે પાદશાહના ઉપર ફેરવી સોનુ પાદશાહના છડીદાર સારંગદે સાથે મથુરા સંન્યાસીને આપવા મોકલે છે કે આ સોના બ્રાહ્મણોને બાંટી દેજો આમ કહી સારંગદે ત્યાં આપી આવે છે તે સંન્યાસીએ સારંગદે પાસેથી માગીને પોતે થોડુ રાખ્યું તે નુરમહોલે જાણ્યું તે બાદશાહને સંન્યાસીનુ બુરૂ માની કહે છે કે એ સંન્યાસી કાહેકા સંન્યાસી કુ સોના છોના બડા અપરાધ હે ત્યારે તે બાદશાહના મનમાં પણ આવ્યું જાવદ જીવન પર્યન્ત સંન્યાસુકુ સોના છોના બડા અપરાધ હે બાદશાહ કહે સોના આપ રાખ્યા એ કાયકા સંન્યાસી મૂઢ નુરમહોલ કહે બાદશાહકુ તુમે સંન્યાસી કે કહને પર ગોકુલનાથ ગુંસાઈ કો ઘર છુડવાયો હે તાતેં તુમ દુઃખ પાવત હો એમ સંન્યાસીનું બુરૂ મનાવી તે બાદશાહના મનમાં એ વાત સાચી બેઠી અને સંન્યાસી જુઠો લાગ્યો અને માનીબાઇની મથુરાની વાત પણ કહી પ્રથમ ઉમરાવે પણ કહ્યું હતુ અને વળી આ નુરમહોલનું સાંભળી બાદશાહને ઘણું જ દુઃખ ઉત્પન્ન થયું એમ કરતાં થોડા દીવસમાં સ્વસ્થ થયો એટલે ચાલતાં ચાલતાં દીલ્હી આવ્યો ત્યારે બાદશાહને મનમાં એમ આવ્યું કે હમારો કોઈક ફકીર થઈ ગયો છે અને અહીં રહે છે તેને મલવા જવું જોઇએ તેને મલવા બાદશાહ ગયો તેને મલ્યો ત્યારે તે ફકીર બાદશાહને કહેવા લાગ્યો. બાદશાહ તુમને ભલો

નાહી કીનો, સંન્યાસીકે કહને પર ગોકુલકે ગોકુલનાથકો આજાર પહુંચાયા દ્વેશ કરનો સંન્યાસીકુ નાહી ચહીએ સંન્યાસીકો સબ કોઉકો ન્યાય ચુકાનો ચાહીએ કહો કોણ કુરાન મેં લીખ્યો હે લાઓ મોકુ દીખાવો એ સંન્યાસી હોવે તો એસી કયું કરે ઇનકો પક્ષપાત કરકે ગોકુલનાથકો ગામ છુડવાયો સો ભલો નાહી કીનો એસે એ સંન્યાસી આપકા કયા બલા કરેંગે ગોકુલનાથ ગુંસાઈ એ આપકો સબે કાજ હોવે પેં એ બડે ઇશ્વર હે એ કાહુકો કબહુ બુરો ચાહત હી નાહી જો કબહુ વે શ્રાપ દેવે તો એક ક્ષણમાં પ્રલય હો જાવે પેં એ સબ કોઊકો ભલો ચાહત હે તુમને ઇનકુ કયું ગામ છુડવાયો. આવું ફકીરનું વચન સાંભળી બાદશાહ લજવાઇ નીચું જોઈ ગયો અને મનમાં ઘણું જ પશ્ચાતાપ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે સંન્યાસી જુઠો હે હવે તેનું હુ મોં જોઈશ નહી ગોકુલનાથજીનું ઈશ્વર્યતાનું મહત્ત્વ જાણી ગયો અને ફકીરથી દંડવત કરી વિદાય થયો અને કહ્યું સાચ કહત હો એ વિરકત થા ઇનકુ ઇતની કાહા એમ રોષ ભર્યો ઉઠીને ચાલ્યો.

દીલ્હી થકો શેરગઢ આવ્યો ત્યાંહાં નાગા ચતુરો સર્વે વૈરાગી બેસીને ગાતા હતા તે નાવમાં નુરમહોલે અને બાદશાહે સાંભળ્યું તે તેઓને કહે છે કે ફરી ફરી ગાવો એ કહેવડાવ્યું. ફીરી વૃજવસો ગોકુલનાથ પછી નાવ યસકંદ ઘાટે મથુરામાં આવ્યું ત્યાંહાં ચીદ્રુપે બાદશાહ માટે સર્વ તૈયારી કરાવી હતી તે સંઘળુ ગામ નગર નિવાસી જોવાને

આવ્યા હતા અનંત ભીડ ભરાઇ હતી એમ કરતાં નાવ અકરઘાટે આવ્યું તે નાવમાં બાદશાહ જહાંગીર બેગમ નૂરમહોલ અને આસફખાન અને વાકાનવીશ બલભદ્ર આ ચારે જણુ બેઠાં હતાં તે વૈરાગી તેમજ સર્વે જોઇ રહ્યા હતા નાવ આગળ આવ્યું ત્યારે જેઓએ માલા ઉતારી રૂદ્રાક્ષની પહેરી હતી તેઓએ બાદશાહને પુકારીને આશીર્વાદ આપતા હતા ત્યારે બાદશાહે પુછ્યું એ કોણુ કાહા પુકારત હે ત્યારે આસફખાન કહે છે રાજ એ માલા માગત હે અરૂ ધર્મ કો પુકારત હે ત્યારે મહિપતી એ કહ્યુ કે સાચા ગોકુલનાથજીકા ધર્મ જે ધર્મ કે લીએ ઇતના કીયા અરૂ ઘર વૈભવ કછુ ન ગીના અબ જે મેં એસા કરૂ જો વે મેરે ઉપર પ્રસન્ન હોવે એમ કરતાં નાવ સુરજકુંડ ચીદ્રુપની ગુફા આગળ આવ્યું ત્યાંહાં સંન્યાસી સર્વે મલી ઉભા હતા ત્યારે નાવ વાળાએ નાવ અટકાવ્યું ત્યારે નરેશે પુછ્યું નાવ કયું અટકાયો ત્યારે નાવ વાલો કહે રાજ સંન્યાસીનો ડેરો છે ત્યારે મહિપતિ મચકોડી ભ્રકૂટી ચઢાવી કહ્યું નાવ ચલાવો સંન્યાસી ઉપર અરૂચી ઉપજાવી. નાવ ચાલતાં જ ચિદ્રુપ સુકાઇ કાલવત મૃતક સમાન થઈ ગયો મહિપતિએ અપમાન કર્યું તે જેમ ગળીનો લેપ કર્યો હોય તેમ છુપી ગયો ને રાતો રાત ત્યાંથી ભાગી ગયો તે હોલીના દાડા હતા તે ત્યાંના ચોબાઓએ ઢીંગ ઉઠાવી એક ને ચિદ્રુપ બનાવ્યા હાથમાં કમંડલને એક હાથમાં દંડ આપ્યા ને તેને ગધેડે બેસાડયો ને સારા ગામમાં જુલ્લસ નિકાલ્યુ પુકારતા તાલીઓ

પાડતા ડબ ઢોલક સાથે ચાલો ચાલો પેંડો આપો શ્રી ગોકુલનાથજીને જીતવા જાય છે ચાલો ચાલો અળગા રહો અને પાછલથી સર્વે રોતા રોતા જાય છે અને ચિદ્રુપ કાગુમાં લઇને ભાગી જાય છે પકડો પકડો સર્વે પુકારતા પાછલ પાછલ જાય છે પછી બધા પાસેથી દંડ પાછો લીધો. સોર-મમાં શ્રીજીને એક વૈષ્ણવે કહ્યું. ચીદ્રુપ રાજ હજું મરતા નથી ત્યારે શ્રીજીએ કહ્યું.

વચનામૃત :

નાહી નાહી જયૌ જયૌ જીવે ત્યાંહાં ત્યાંહાં ભલો અપનો અપજસ સંસારમાં કાંને સુને એનાથી આ સંસારમાં બડો દુઃખ મૃત્યુ સમાન ઓર કોઉ નાહી હે એમ પ્રસન્ન થઇને એક શ્લોક કહ્યો "રથ જસો જ ધૂસ્ય કિં મૃત્યુ નાં" એમ કહીને વળી કહ્યું કે

"જેસો સંગ તેસો હોવે એ નિરધાર
દુઃસંગ રૂપી સાધનનું ફલ તે તરત દેખાય

મથુરાથી નાવ આગળ ચાલ્યું તે ગોકુલ શ્રીયમુનાજી-ના બુરજ દેખાવા લાગ્યા ત્યારે બાદશાહ બોલ્યો એ કોનસા ગામ હે ત્યારે બલભદ્રે કહ્યું જી હજુર વે તો હે ગોકુલ ગામ તો કયુ આવાદાન (વસ્તિ વગરનું) દેખાય છે ત્યારે બલભદ્રે કહ્યું જી હજુર ગોકુલનાથ ગુંસાઈ યહાં નાહી હે તાતે વેરાન સા લગત હે ત્યારે બાદશાહ કહે ગોકુલ-નાથ ગુંસાઈ કાંહાં હે ત્યારે આસફખાને કહ્યું જી હજુર

સોરમ વાસ કીનો હે હાં હાં તો તો વેગ બોલાવો વહાં લીખ પઠવો વેગ ગોકુલનાથ ગુંસાઇ કો તુમ વેગ કર કે બોલાવો વેગ લીખ દો નાવ આગલ ચાલ્યુ ત્યારે કોટ ઉંચા ઉંચા દેખ કે કહે એ કોટ ક્યાયકે હે સો બલભદ્રે કહ્યું હજુર એ અપને ઘરકી રક્ષા કે લીએ ગોકુલનાથ ગુંસાઈજીએ બનવાયો હતો તો બહોત દ્રવ્ય લગ્યો હોએગો પછી નાવ આગરા પહોંચ્યું બાદશાહ અપને ડેરે ગયો ત્યાંહાં મધુસુદન ભાણેજ કોઇ કામ કાજકે લીએ સોરમ થે આયે હુએ તે આસફખાનને મલવા ગયા ત્યારે ખાને ગોકુલનાથજી કા સમાચાર પુછ્યા અને પત્ર પધારવાનું લખી આપે છે. તુમારી પાદશાહને બહોતેક સુરત કીની હે અરૂ કહ્યો હે કે ગોકુલનાથ ગુંસાઈ કું વેગ બોલાવો તાતે તુમ વેગ સિધારીઓ એમ વીનય ભર્યું પત્ર લખીને મધુસુદન ભાણેજને આપે છે. એ લખ્યું લેઇને સોરમમાં મધુસુદન ભાણેજ લેઈ જાય છે. અહીં ભૂપનું વચન સાંભળી ગોધુ વૈષ્ણવ તરત જ ઘોડેસ્વાર થઈને એ વધાઇ આપવા ઉતાવળો સવા દોઢને દસ પહોરે ત્યાં સોરમમાં પહોંચ્યો દુરથી વધાઇ વધાઈ વધાઈ કહેતો ગાઢ ઉચ્ચારે બોલતો શ્રીજીની સનમુખ આવ્યો જૈ મહારાજાધિરાજ શ્રી મહારાજા શ્રી વિઠ્ઠલેશકુમાર વધાઇ હમકુ દીજીએ પાદશાહને કહ્યો જે ગોકુલનાથ ગુંસાઈ અપના ગોકુલમાં સુખ સુવાસ કરે. આ સાંભળી શ્રીજીએ ગોધુના મોંઢામાં શ્રી હસ્તે મીશ્રી મુકી અને પ્રસાદ પોતે શ્રી હસ્તે લેવડાવે અને સર્વે

સમાચાર પૂછે પોતે પાસે બેસાડી પ્રસાદ લેવડાવ્યો પછી ગોધુએ વિનંતી કરી રાજમાહારાજ અબ ગોકુલ ચલીએજી રાજ એટલામાં તો મધુસુદન ભાણેજ આગ્રાથી બાદશાહનું લખ્યુ લેઇને આવ્યા પછી શ્રીજીએ વાંચીને કહ્યું આગ્રે બાદશાહકુ આશીર્વાદ દેને કુ જાના હે તે સર્વ બાલકોને લઈને શ્રીજી આગ્રે પધારે છે પ્રથમ આસફખાનને મલ્યા ખાન ઘણા જ પ્રસન્ન થઈને ઘણી જ પ્રશંસા કરી કહ્યું નાથજી તુમ બહોત દુઃખ પાયે તુમ ઈશ્વર તુમેરી કાહા કહીએ પછી કહ્યુ ડેરા કરો પછી રાય મુકુન્દદાસના બાગમાં શ્રીજીએ ડેરો કર્યો પછી આસફખાને ભીતર જઇને નૃપતિને કહ્યું જૈ હજુર ગોકુલનાથ ગુંસાઈ સોરાં થે આપકો આશીર્વાદ દેનેકુ આયે હે ત્યારે ભૂપે કહ્યું આયે હે તો આપ મનુહાર કરી વિનય સહીત આપ જાય કે ભીતર વેગ બોલાવો પછી આસફખાને શ્રીજીને વિનય સહીત કહ્યું નરેન્દ્રને આપકો વેગ બુલવાયે હે સો ચલીએ ત્યારે નરેન્દ્ર પ્રસન્ન થઈને માનસહીત બેઠાયા અને સર્વે સમાચાર પૂછ્યા અને કહ્યું નીકે હોનીકી ભ્રાંત આવો આવો ગુંસાઇ કહી બહોત પ્રસન્ન ભયો ફરી બાદશાહ કહે તુમકુ ગોકુલહી ભલા કે સોરાં ભલા કહો ત્યારે શ્રીજી બોલ્યા સોરાં તો રહે તુમેરે કહેને પર પે હમારો તો નીત્ય સ્થલ સદાય શ્રી ગોકુલ ઘર હે હમારો ત્યારે બાદશાહ હસીયને હુલસીને બોલ્યા હાં હાં સાંચ કહત હો એહ અબ તુમારા ગોકુલ તુમકુ મુબારક હો અબ તુમ આઓ નોબત બજાય કે તુહમે

બહોત દુઃખ પાયા અબ એ મેરા ગુના બકસીઓ ભયા હે સબ તુમારા મનકા ભાયા ગુંસાઈ મેરા ગુના માફ કીજે કહીને બડીબડી પ્રસંસા કરી બહોત બડાઈ આપી વીદાય કર્યા પછી શ્રીજી વીદાય થઇને જાય છે ત્યારે રાય મુકુન્દદાસે કહ્યું રાજ મહારાજ તુમ યહાં રહીઓ અરૂ ઓર સબનકુ યહાં બોલાવો મેં તુમકુ યહાં પે બહોત ઘોડા અરૂ હાથી પેં બેઠાય કે બહોત વાજીંત્રો સાથે વૈભવ સહીત શ્રીમદ ગોકુલ પધરાઉંગો એસો મેરો મનોરથ હે તાતેં સબનકુ યહાં બોલાવો અરૂ અબ તુમ કાયકુ જાત હો ત્યારે સિદ્ધાન્ત

શ્રીજી બોલ્યા મેરે ઇતનો લૌકિક સું કાજ નાહી હે મેહેકો એસો લૌકિક કાહુ કોઉ પ્રકારકો ભાવત નાહી હે અરૂ મેરે જાનો આવશ્યક હે મોહે વીના વે કેસે આવે તાતે મેરે જાનો હી નિર્ધાર હે ત્યારે આસફખાન બોલ્યા નાથજી અબ તો તુમ કાયકુ જાત હો રાજાકી તરફસે સંભ્રમ સહીત આપકો ગોકુલ પહોંચાએંગે. શ્રીજી સોપાધિક લૌકિકાંશ રહીત કેવલ નિરૂપાધિક ગુણગણ મંડિત માર્ગ મર્યાદા રક્ષક ધર્મ સુમેર બોલ્યા હમારે હમારા સેવ્ય સ્વરૂપકી પાલખી કે સંગ રહેના ઉચીત હે તાતે વહાં જાનો હમકો ઉચીત હે એમ કહીને વિદાય થાય છે પછી સોરમ પધારીને જોષી પાસે મહુરત નીકલવાયુ સંવત ૧૬૭૮ ના ચૈત્ર વદી પંચમી ભૃગને વાર શુક્રવારે કુરુક્ષેત્રથી વીજય કરી શ્રીમદ ગોકુલ પધારે છે.

વચનામૃત : જે કોઈ ધર્મ છોડીને જીવે તેનું જીવવું વ્યર્થ છે. જેમાં ધર્મ રહે તે માટે સર્વસ્વ છોડે તો તે ધર્મ સાચો.

જહાંગીર કહે છે સભામાં : જો ચાહે અપને ધર્મકુ અરૂ ધર્મ જીનકુ પ્યારા હે ઇમાન રાખ્યા ચાહીએ સો દોલતએ કાહા કાજ હે.

સોરમ કુરુક્ષેત્રથી શ્રીમદ ગોકુલ પ્રસ્થાન

શ્રી ગોકુલાધિશ ગોકુલનું સરવજ્ઞ ગોકુલનું ભૂષણ ગોકુલેશજી ગોકુલનો પ્રીતકર્તા પરમધન ગોકુલેંન્દ્ર વરેશ ગોકુલનો આધાર શ્રી વલ્લભવર શ્રી રૂકમણીબા શ્રી વિઠ્ઠલેશકુમાર ઉદ્ધારવરરાય કરૂણાસિંધુપ્રાણ જીવન ધન સોરમથી વિજય કરી શ્રી ગોકુલ સ્થીત પધારે છે તેનું સંક્ષેપમાં વર્ણન યજ્ઞેશ્વર યતિ સંન્યાસીને વંશ ધરણીશ બાદશાહ જહાંગીરનું મદમર્દન સ્વમત સિદ્ધાન્તે કરી અને દુષ્ટ દંડી પાખંડીનુ મુખ મર્દન કરી ધર્મનો જશ પ્રતાપ સહીત વાજતે ગાજતે ગડગડતે નિશાન શ્રીમદ ગોકુલ પોતાના સેવ્યસ્વરૂપ શ્રીનાથજીને પાલખીમાં પધરાવીને સુખપાલ સાથે સાથે ચાલે છે અને ફેંટામાં બે બાજુએ રૂપીઆ ભરી રાખ્યા છે તે મુઠીએ મુઠીએ ઉછાલતા ઉછાલતા ઘણા જ ઉત્સાહે અગણિતાનંદ સ્વરૂપ શ્રીમદ ગોકુલ સ્વ સ્થલે પધારવાનો ઉત્સાહ તે અગોચર અગમ્ય વાણીએ કરી વિશદ થાય તેમ નથી. આ શ્રીમદ ગોકુલ પધારી પોતાની રસાત્મક

લીલા પોતાના સ્વકીયો સાથે જે કરે છે તે નિત્ય અવિચલ લીલા તે શ્રીકૃષ્ણુની અગીઆર વરસ બાવન દીવસની લીલા પૂર્ણ થયે જે પોતે શ્રીકૃષ્ણુ કંસને મારવા મથુરા પધારે છે તે ફરી ગોકુલ પાછા આવતા નથી અને ગૃહસ્થાશ્રમ લીલાનો અગીંકાર દ્વારકા જઈ ને કરે છે તે ઉદ્ધવજી જ્ઞાનના ભંડાર તેઓને ગોપીકા વૃજ સ્થીત શ્રીમદ ગોકુલ છોડીને શ્રી કૃષ્ણુ સાથે ગયેલ નથી તેઓને ઉપદેશ કરવા મોકલે છે તે ગોપીકાઓએ ઉદ્ધવજીને એક જ શબ્દનો ઉપયોગ કરેલ છે કે જે રસાત્મક શ્રી કૃષ્ણુ છે તે હમારી પાસે જ હમો જાણુતાં જ નથી કે તેઓ મથુરાં ગયા છે તે જ આ રસાત્મક શ્રી ગોકુલપતિ તે વૃજ સ્થિત ગોપિકા વિહારની સાથે લીલા કરવા શ્રીમદ ગોકુલ દ્રઢ વાસ કરવા પધારે છે તે શ્રીમદ ગોકુલ પધારે છે ત્યારે કિર્તનીઆઓને પોતે કહે છે કે ઓ પદ ગાઓ પદ. રાનીજે તુમારો ઘર સુખ સુવસો આ પદ પોતે ગવડાવે છે પછી નીજ મંદીરે પધાર્યા તરત જ ગોવર્ધન પધાર્યા શ્રી આચાર્યજી કૃત સેવા સ્થાપન કરી છે ત્યાંહાં પધારી શ્રીનાથજીને અનેક ભોગ રાગ નૌતન સામગ્રી સમર્પિ એકાદશીએ રાજભોગ ઉપરાંત શ્રીનાથજીને વસંત ખેલાવ્યા. આ વરસે શ્રીનાથજી શ્રી વલ્લભના ખેલાવ્યા વિના વસન્ત ખેલ્યા ન હતા. આનોરના તુલસી પોન્ડે ને શ્રીનાથજીએ એકાન્તમાં કહ્યું હતું કે અબકે મેં શ્રીવલ્લભ કે ખેલાવ્યા વીના વસન્ત ખેલ્યા નાહી હું. એ તુલસી પોન્ડે એ શ્રી ગોકુલનાથજી સુ કહ્યું મેરેકુ શ્રીનાથજીને

એસી આજ્ઞા કરી છે તે પોન્ડે દ્વારા વસન્ત ખેલાવી ઉભય મનોરથ પૂર્ણ કર્યા સ્વમુખ શ્રી આચાર્યજી દ્વારા સેવા મારગ પ્રગટાવી શ્રીમદ ગોકુલ દ્રઢ વાસ કર્યો છે ત્યારે શ્રી ગોકુલમાં શ્રીમુખે જહાંગીરની પ્રશંસા કરીને કહ્યું છે કે નૃપતિ જહાંગીર મહાભાગ્યવાન ચરણુકમલ વીષે અનુરક્ત સુજાણુ એહોના ભાવની સનમુખતાનો પોતે સત્કાર કરી સરાહણા કરી છે વળી કહ્યું બડો ધર્માત્મા અરૂ આસ્તિક.

તેનું પ્રમાણુઃ જહાંગીરે જ્યારે પોતાની દેહ ભંભર પોતાના મહેલમાં મુકી ત્યારે અહીં શ્રીમદ ગોકુલમાં શ્રીનાથજીના મંદીરમાં વૈષ્ણુવે દીઠા તે વાત શ્રીજીને આવીને કહ્યું રાજ રાજ આજે જહાંગીરને મેં સ્વપ્નમાં શ્રીજીના મંદીરમાં હાથ જોડી ઉભો હતો તે દર્શન કરતાં મેં દીઠો ત્યારે શ્રીજીએ કહ્યું જહાંગીર વૈસોઈ હતો યામે કછુ સંદેહ નાહી એવોએ ચક્રવતી જહાંગીર હતો.

પત્ર અસલ પત્ર ઉર્દુ લંડન લાઇબ્રેરીમાંથી નકલ ઇંગલીશ ઉપરથી

પત્ર :

(૧) જીસ વખત પોહ ફાટનેકા સમય હુઆ તીસ સમય વહ બાહેર પધારે જીસ રસ્તેમેં વે નિકલતેથે વહાંકે કબરો મેંસે મુરદે બી નીકલ કે ખડે હો જાતે થે.

(૨) સુબેહ કે સમય નાહ કર જબ અપને કાલે વાલાંકો નિચોડયા કરતે થે તો અત્તર ઓર પાણી સે મોતી ટપકને લગતે થે

(૩) ચાંદ જેસે મુખકુ દેખકરકી સકી હિંમત નાહીથી જો ઉનકે મુખકી ઓર દેખ શકે લાખો હી મનુષ્ય ઉનકે સામને શીર ઝુકાયે નિકલ જાતે થે

(૪) આપકે લાલ અધર ઓર લાલીમાકુ દેખકર ઈનસાન કી શોભા શરમાતી થી જબ વહ બાહેર નીકલતે થે તબ ઉનકે નૈત્ર કો ખંજર કટાક્ષ સબનકો માલુમ પડતે થે

(૫) જબ વે અપની નીગાકો ચારો ઓર ઘુમાતે થે તબ સબ તરફ ભય ફેલ જાતે થેં ઓર ઉનકે નેત્ર લોકો કે દીલ મેં જખમી કરનેમે કમી નાહી કરતે થે

(૬) જીસ તરફ દેખે ઉસી તરફ લોકોમાં હો આ હો હો રહે થે ઓર સબ તરફ ઉનકી શોભાકી સરાહના હોતી રહી સેંકડો આદમી ઉનકે પ્રેમમે ઉસ પર મગ્ન હો જાતે થે

(૭) ઓર હજારો આદમી ઘરમે થે નીકલકર ઠાડે હો જાતે થે ઓર લાખો આદમી ઈનકે દર્શન કો ચલે આતે થે ઉનકે પ્રેમકે વશ આધિન હોકર મરનેકુ બી તૈયાર હો જાતે થે

(૮) ઓર શરીર દેનેકુ બી તૈયાર રહતે થે એસે પ્રેમકે વશ કરને વાલે થે તદ્રૂપી દર્શન નાહી હો પાતે થે

(૯) એસે હોતે હુએ બી હમ પર ઉનકી અહોત કૃપા હોતી રહી ઉનકી કુર દ્રષ્ટિ કો દેખકર હમ બોહોત સોચ કર રહેતે થે

(૧૦) અગર વે હમારા શરીર બી નીકાલ લે તો હમકુ કોઈ પ્રકારની આપત્તી નાહી થી હમ ઉનકા નામ લેતે લેતે આહાહાહા પોકાર કર કાહા કરતે રહે ઓર એસે કરત કરત હમારા ભ્રમરમે પ્રાણ જાને લગા પેં હમારા પ્રેમ ઉનસે નાહી છૂટા પ્રાણ છુટા પ્રેમ નાહી છૂટા રસ્તે ચલને વાલે બી હા હા હા પોકારતે પોકારતે રહ ગયે કે એ યહ કોણ ખુદા ઈશ્વર હે ઓર કહન લગે એ ઓઈ હે શ્રી ગોકુલનાથ ગુંસાઈ મહાપુરૂષ આદમી કે ભેખમે ભૂતલ આયે હે (સંપૂર્ણ)

કવિત (૧) ઊજ્જૈન દેવાભાઈ પ્રસંગ

કૃતે ગહેર ગોપાલ કવી

યવંતિ ક્ષીપ્રા તીર અલંગન જુરીભીર, હુકમ ફકીર પડકાય ભકત ચારપેં, કંઠતે તુલસી માલ ઉતરાવન તત્કાલ ઉર્દ્ધ પુંડ્ર રેખાભાલ મિટાવન અનાથપેં; કહત ગહેર ગોપાલ દેવાકી પુકાર સુન હાલ હાલ તાલપેં; શ્રી વિઠ્ઠલ રાજકુમાર કૃપા સાગર અપાર જીમત થાપ મારી હાથી કે લલાટમેં.

કવિત (૨) : શ્રી નાથજીએ પ્રીત રાખી આચાર્ય રીત રાખી હે ધર્મકી પ્રત રાખી રાજરીત રાખી હે કુલકી મર્યાદ રાખી ભકતનકી લાજ રાખી ભકત સીંધુ પે પેજ બાંધી ટેક દઢ રાખી હે કહત ગહેર ગોપાલ ખાખી સુખ ધુલ નાખી હે

આખી ભૂમી જાકી વાહ વાહ ભાખી ચારો વેદ સાખી સુક પુરાતન ભાખી તુલસીરી માલા શ્રી ગોકુલેશજીને રાખી હે.

કવીત (૩) : શાહ કહી સો તે ન કરી કરી સો વેદ પુરાતન ભાખી, માલા તિલક જનોઉ કે કારણ એ'ડન પે'ડન નાખી, શ્રીપત કહે જહાંગીર કે ખાન જે તે ઉમરાવ તે તે સબ સાખી, શ્રી વિઠ્ઠલનાથજી કે શ્રી ગોકુલનાથજીને સબ હિન્દુન કી પત રાખી,

કવીત (૪) : મત જાનો ખ્યાલ શ્રી ગોકુલનાથજીકી માલા હે વખાની હું વેદમર્યાદ જુ વખાની હે ડારે ગુદી બીચ માલા અમૃત રસાલાહે બુલાયે જહાંગીરને જાય કે જુવાબ દીઓ હિંદુકી પત રાખી શ્રી ગોકુલનાથ પ્રતિ પાલા હે પ્રાણનાથ કહે બાત સુનો સબ કાન દેઈ મત જાનો ખ્યાલ શ્રી ગોકુલનાથજીકી માલા હી

કવીત (૫) : શ્રી ગોકુલનાથ રમે જીતમેં કીયો શ્રી વિઠ્ઠલનાથકો નામ ઉજારો હાલી મવાલી કરે પ્રણામ શ્રી ગોકુલનાથ નામ સંભારો

જહાંગીર કહે જુ બીરાજો વહીં જ્યાહાં આનંદ સ્વરૂપતિહારો પ્રાણઆસિન જે વલ્લભકો યાતે ગોકુલ ગામકો પેંડો હી ન્યારો

કવીત (૬) : જહાંગીર કહે માલાજી ઉતારો કહ્યો હમારો કરો મેં કહ હુ તુમકો બાબાજી કહે સોઈ કરો

તબ ગોકુલનાથ કહેન ઉતારેંગે વચન એ શ્હ્યો ટેક દ્રઢ શ્હી હે હમ વચનથી ન ટરે ટર્યો ગહેર ગોપાલ કહે જહાંગીર કહત કહત જી હાર્યો.

ઉપોદઘાટ

સારાંસ, તુલસી માલા તિલક ધર્મ જાત રાખ્યો શ્રી વિઠ્ઠલેશ કુમાર શ્રી વલ્લભજી શ્રી ગોકુલેશજીની એ વિશેષતા

સવાલ : શ્રીમદ વલ્લભાચાર્યજી સુબોધીનીજીમાં જણાવે છે.

લીલાભેદે સ્વરૂપ ભેદ
લીલા ફરે ત્યારે પુરૂસોતમતા ન રહે

જવાબ : આ વાકય પૂર્ણ પુરુસોતમ રસૌવે શ્રી ગોકુલેશજી પ્રતિ લાગુ પડતી નથી. કારણ બતાવો

પદ : સુરદાસજી

ઉધો હમે દોઉ વીધી કઠીન પડી
જો જીવે તો જડ મુની, ગ્યાની તજ તન રૂપ હરી,
ગુન ગાવે તો સુક સનકાદીક સંગ જાય તો લીલા ફરી

શંકા : શ્રી ગોકુલેશજી પૂર્ણ પુરુષોતમ છે તો તેમણે માલા તિલક માટે આટલે જવાનો પરિશ્રમ કેમ કર્યો!

તેમનુ પ્રાગટય રસૌગે છે તો રાસ લીલેક તાતપર્ય તો શું ઘર બેઠે આ કામ પ્રતાપ બલે કરી શકતા ન હતા.

સમાધાન (૧) : શ્રી પુરૂષોત્તમનાં ભૂતલ અનેક પ્રાગટય થયાં છે દરેક અવતારો પોત પોતાના પ્રાગટયે

પૃથ્વીનો ભાર ઉતારવા થયેલ છે તે સર્વે પ્રાગટયે ભજનાનંદ રસમઈ લીલાનું દાન છે નહી આ શ્રી ગોકુલનાથે આદ્ર અનાદી જે વૃજ શ્રીમદ ગોકુલ મધ્ય સ્થલે રહીને વૃજને આધિન થઈને ભજનાનંદનું દાન કરેલું છે બીજા દેશોને તે દાન છે નહી વૃજ સિવાય અન્ય દેશોને શ્રૃંગારાત્મીકનો અધિકાર નથી માટે બીજા દેશોને લાભ આપવા (પધારેલા છે) પ્રાગટય લીધેલ છે આ શ્રી ગોકુલેશજી વૃજ ને આધીન છે. તેમનાથી વૃજ અળગુ થતું નથી જ્યાં ત્યાંહાં વૃજ તેમની સાથે સાથે ફરે છે.

વચનામૃત :

જ્યાંહાં હમ ત્યાંહાં ગોકુલ રહે હમ કબહુ છાંડે નાહી ઈનકુ ને ગોકુલ છાંડે નાહી હમકુ

આ શ્રી ગોકુલેશોધિશનું સ્વરૂપ અને શ્રી ગોકુલનું સ્વરૂપ સદા સર્વદા અવિચલ સ્વરૂપે રસોમય છે.

બીજાં બધાં પ્રાગટયે વૃજનું સ્વરૂપ ભજનાનંદ રસનું દાન નથી વૃજમાં મથુરા છે તે મર્યાદા છે. લૌકિક ગ્રહસ્થાશ્રમ લીલા માટે છે.

જ્યારે ગોકુલને વીષે ગૃહસ્થાશ્રમ લીલાનો અંગીકાર નથી. શ્રી કૃષ્ણનું પ્રાગટય મથુરા જેલમાં થયું શ્રી વલ્લભાચાર્યજીનું ચંપારણ્ય અને શ્રી ગુંસાઈજીનું ચરણાટ અને શ્રી ગોકુલનાથજીનું અડેલમાં થયું ત્યારબાદ આ લીલા સ્થલે આવી સર્વે લીલા રાસાદી આદરી છે માટે આ લીલા

સ્થલે પોતાનું કાર્ય માલા તિલકના ધર્મનું રક્ષણ કરી પોતે તે લીલા આદરવા દ્રઢ વાસ ગોકુલ કરેલ છે. આ શ્રી ગોકુલનાથજીની વિશેષતા છે માટે લીલા ભેદે સ્વરૂપભેદ આ વાકય ગૂઢ ગંભીર છે એ શ્રી ગોકુલેશજી પ્રતિ લાગુ પડતી નથી. આ અદ્ભુત પ્રાગટય છે.

સમાધાન (૨) : શ્રીમદાચાર્યજી શ્રી ગુંસાઈજી વિઠ્ઠલનાથજી અને શ્રી ગોકુલનાથજી આ ત્રણે સ્વરૂપ એક શ્રીકૃષ્ણ પ્રાદુર્ભુત થયેલ છે તો તેઓએ વેદ મર્યાદાનું પાલન કર્યું છે. વેદ મર્યાદાનું ઉલ્લંઘન કર્યું નથી શ્રી ગોકુલેશજીએ પણ પિતાવચન પાલક હોવાથી કર્યું નથી પરંતુ ત્યાં જે ભોગ વશથી પડેલા દૈવી જીવો મલેચ્છયોનીમાં તેઓને બ્રહ્મ સંબંધ નિવેદન નામનો અધિકાર નથી તેઓનો ઉદ્ધાર કરવા કૃતાર્થ કરવા આ માલા તિલકનો ઉપદ્રવ ઉઠાવી એહાની સેવાનો અંગીકાર કરેલ છે. જો આ પ્રાગટયે એહાનો અંગીકાર થતો નહીં તો બીજો કોણ અંગીકાર કરે માટે પોતાનું પ્રાગટય છે તે ઉપર કલ્યાણ ભટ્ટ ખંભાલીઆએ પુછયું, રાજ રાજ આ મારગે પ્રાગટય રાજનું ન હોત તો હમારી શી ગતી ત્યારે શ્રીમુખે વચનામૃત કર્યું કે,

એસો પ્રાગટય ન આગે હુઓ ન આગે હોએગો

એ અબહી ભયો હે મારગ તાસુ કહીએ જો આગે

ચલે ફલ પાવે યહ ફલકો સમય હે આગે ફલ નાહી હે

સેવાની સનમુખતાએ અંગીકાર કર્યો છે. અનારજ દેશોમાં આપ માલા તિલકના બહાને પધારીને અસુર યોની-ઓમાં પડેલા જીવોનો અંગીકાર કરવા શ્રી આચાર્યજી શ્રી ગુંસાઈજી પોતે પધાર્યા નથી માટે વેદ મર્યાદાનો ત્યાગ કરી ધર્મ રક્ષણ માટે પધાર્યા છે તે ઉપર શ્રીમુખે

વચનામૃત : માલાનું રક્ષણ કરવું એ પુષ્ટિધર્મ છે સરસ્વતિનું ઉલ્લંઘન કરવું એ વૈદીક ધર્મ છે

ધર્મોતિ રક્ષતો રક્ષોતી ધર્મ. ધર્મનું રક્ષણ કરવુને ધર્મ તમારૂ રક્ષણ કરે.

જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે ત્યારે ત્યારે આપ પધારી ધર્મનું રક્ષણ કરે છે.

એવા અસુરયોનીમાં પડેલા દૈવી જીવોનો કૃતારથ કેવી રીતે માની લીધો છે તે જણાવીએ છીએ. સેવાની સનમુખતા પ્રભુનો જસ પ્રતાપરૂપે કિર્તી આચરણ આ મારગનુ રૂચે આ મારગની સરાહના કરે માર્ગનો ઉતકર્ષતા જાણે અંતર ભાવે સેવાનું સુખ વિચારે આ સેવાએ મલેચ્છોનો ઉદ્ધાર કરી કૃતારથ કહેલા છે માટે માલા તિલક ધર્મે કહેલ છે.

બાદશાહ જહાંગીર, આસફખાન, બસુરખાન, ઇતવારખાન, ઇલાવરખાન, વિગેરે વીગેરે રાયમુકુન્દદાસ રાજા, રામચંદ્ર વાઘેલા રાણી દુર્ગાવતી વીગેરે વીગેરેને નામ નિવેદન વીના એહોના ભાવે અંગીકાર કરેલ છે ભોઈનો, કહારનો,

પાઠાનો બીજા બધા જે શાસ્ત્રોમાં અંગીકાર છે નહી તે આ પ્રાગટયે અંગીકાર કરેલ છે.

રાજ્ય મદનો દ્રવ્યના મદનો વિગેરે મદોનું હરણ કરી અને સેવાઓ અંગીકાર કરેલ છે આ વિશેષતા છે.

સમાધાન કારણ (૩) : પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત ન કરવા ધર્મ માર્ગિય અંગીકૃત શ્રુતિ છે તે ભિન્ન છે તેવું આ સ્વરૂપ બલે અંગીકૃત કરી છે આ માલા તિલક લીલાએ કરી જસ પ્રતાપે વૈરાગ પરજંત આધર્મ સંયુકત મૂરતવંત લીલા પ્રગટ કરેલ છે.

શ્રી વલ્લભ સર્વોધિક સ્વતંત્ર છે તે બંધુ વર્ગે પ્રસિદ્ધ છે સર્વ શ્રી આચાર્ય સમાન રીતે કાર્ય કરે છે તેમાં આ પ્રાગટય મધ્યમાં થયેલ છે. તે ઇશ્વર્યાદી ષટ ધર્મથી ઈતી રક્ત છે તે સર્વ સમાન જાણે છે તેઓનો ભ્રમ ભાગવા આ માલાતિલકના ધર્મનું રક્ષણ કરી ટેક પરાક્રમ યુક્ત પોતાનો ધર્મ વિવેકે કરી પોતાનું સર્વોધિક સ્વતંત્ર પ્રાગટય સિદ્ધ કર્યું છે અને બધા બંધુ વર્ગમાં પોતે એ તારતમ્ય પાડી પોતાની ઉતકૃષ્ટતા બતાવેલી છે.

સારાંશ : ભકતના મનોરથ પુરવા આ માલાના વીષે સૂર અસુર જે માનવ પશુ પક્ષિયોની સ્થાવર જંગમ જે આ ભોમિમાં દૈવીજીવ પડયા હતા તે પાત્રાપાત્રનો વિચાર કર્યા વિના કરુણાસિંધુએ પોતાના ચરણારવીંદ જે લોકવેદ તિલ તેહનો સંબંધ કરાવી આપ એમની સેવા માની કૃતાર્થ

કરવા આપ કાશ્મીર પધારી પરિશ્રમ કરેલ છે. ઈશ્વર કોઈ દિવસ ચમત્કાર કે ઇશ્વર્તા પ્રગટ ન કરે કૃષ્ણએ કંસને મલ્લ યુદ્ધ કરી માર્યો છે. આ ગોકુલેશજીએ વચન યુદ્ધ કરી બાદશાહ જહાંગીરના મદનુ હરણ કર્યું છે.

લેખક : ગોકુલ નિવાસી
શાહ ચંદુલાલ હરીવલ્લભદાસ